પ્રારંભ.

(હારમાળા)

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર



આવૃત્તિ ૭ મી   પ્રત ૩૦૦૦

અમદાવાદ.

ધી "ચીમનલાલ" પ્રીન્ટીંગ પ્રેસમાં
બહેચરભાઇ ગોવિંદરામે છાપ્યું

સંવત ૧૯૬૨   સને ૧૯૦૬,

કિંમત ચાર આના.

॥ શ્રી ગણેશાયનમ ॥ શ્રી સારદાયનમ ॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥

પ્રભાત સંગ્રહ.

નરસિંહ મેહેતાનાં પરભાતીયાં.

જુનાગઢનો વડનગરો નાગર—ગુજરાતમાં સૌથી જુના ભકતના બનાવેલાં

॥ શ્રી જશોદાજીએ શ્રીકૃષ્ણને જગાડયા તે વિષે ॥

પદ ૧ લું રાગ પ્રભાત.

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનમાં કોણ જાશે,
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળીયો કોણ થાશે. જાગને. ૧
દહિંતણાં દહિંથરાં ઘીતણાં ઘેબરાં, કઢિયલ દુધ તે કોણ પીશે;
હરિ તારો હાથીડો કાળીનાગ નાથીયો, ભુમિનો ભાર તે કુણ લેશે જાગને. ૨
જમનાને તીરે ગૌધન ચરાવતાં, મધુરીશી મોરલી કુણ વાશે,
ભણે નરસઇયો તારા ગુણ ગાઈ રીઝીયે, બુડતાં બાંહેડી કુણ સહાશે જા ૩

પદ ૨ જું.

સમરને શ્રીહરી મેલ્ય મમતા પરી, જોને વિચારીને મુળ તારૂં;
તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો, વગર સમજે કહે મ્હારૂં મ્હારૂં.સમરને.
દેહ તારી નથી જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સબંધ તજી નવ નવી બહુ થશે, પુત્ર પાત્ર પરિવાર વહાએ સમરને ૨
ધનતણું ધ્યાન તું અહોનીશ આદરે, એજ તારે અંતરાય મોટી,
પાસડે પણ અલ્યા તેને નવ પરખીયો, હાથથી બાજી ગઇ થયો રે ખોટી. સમરને ૩
ભરનીંદ્રા ભર્યાં રોળિ વળાં ઘણાં, સતના શબ્દ સુણિ શાને જાગે,
જાગતાં નરસૈયા લાજ છે અતિઘણી, જન્મો જન્મ તારી ખાંત ભાગે. સમરને. ૪

પદ ૩ જું.

ધ્યાન ધર હરિતણું અલ્પ મતી આળસુ જે થકી જનમનાં દુખ જાએ;
અવર ધંધો કરે અરથ કાંઇ નવ સરે, માયાં દેખાડિને મૃત્યુ વ્યાપે. ધ્યાન. ૧
સકળ કલ્યાણ શ્રી કૃષ્ણના ચરણમાં, શાઠ્યા વીના શરણ સુખ ન હોયે,
અવર વેપાર તું મેહેલ્ય મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મ્હોયે. ધ્યાન. ૨
પટક માયા પરી અટક ચરણે હરી, વટકયમાં વાત સુણતાંજ સાચી,
આશાનું ભુવન આકાશ સુધી રચ્યુ, મુળ એ મુળથી ભીંત કાચી. ધ્યાન. ૩
અંગ જોબન ગયું પલિત પિંજર થયું, તો નથી લહેતો શ્રી કૃષ્ણ કેહેવું;
ચેતરે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લેકાવતાં રાજ લેવું. ધ્યાન. ૪
સરસ ગુણ હરિતણા જે જેને અનુસરયા, તે તણા સુજશ તો જગત બોલે;
નરસઇયા રંકને પ્રીત પ્રભુસુ ઘણી, અવર વેપાર નહી ભજન તોલે. ધ્યાન. ૫

ઇશ્વરના ઉપકાર વિસે

પદ ૪ થું.

હરિતણું નામ તને કેમ ગયું વિસરી, પશુરે ફેડીને નર રૂપ કીધું
હાડને છેડ કરી સહુ તને હાંકતુ, આજ વધારીને માન દીધું. હરિતણું. ૧
ધાંચિનું ગળિયુ કંઠથી ટાલિયુ, નેત્રના પાટા શ્રીનાથે છોડયા,
તે તણા ચરણને નવ ભજ્યો કૃતઘ્ની, તેં ન ગુણ પાડના હાથ જોડયા. હરિતણું ૨
પગ ઠોકી કરી માગતો મુઠમતી, ઘાસ પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવિંદ ગુણ ગાઇને નાચતાં, લાજ આવે તેને કર્મહીણા. હરીતણું ૩
લાંબીશી ડોકને કાંટો આવતો, ઉંટ જાણી ઘણો ભાર લાદે;
આજ અમૃત જમે હરખે હળવા ભમે, વેકુંઠનાથને નવ આરાધે. હરિતણ. ૪
પીઠ અંબાડીને અંકુસ માર સહી, જેણ ઉડાડતો ધરણી હેઠો.
આજ ચુવાચંદન આભ્રણ અંગ ધરી, વેગે જાય છે તું વેહેલે બેઠો. હરિતણું ૫
અન્ન વસ્ત્રને ભુષણને સર્વ જે, તેહનો તુજનો હતો ઉધારો;
નરસૈના સ્વામીએ સર્વ સારૂ કર્યું, તે પ્રભુને તમે કાં વિસારો. હરિતણું ૬

પદ ૫ મું.

હેવા ટેવ તુજને પડી દીન પ્રતિ પાળવા, કંથ કમળા રહે સંત સામા.
લાડ પાળે તેનો મહાડ શો માનીએ, હાથ જમણો વળે મુખડામાં. હેવા ટેવ. ૧
ગજતણી વારે તું ગરૂડ મુકી ધસ્યો, ઝુડના મુખથી ગજ ઉગાર્યો;
ધાય નારાયણ નામ લેતાં તદા, અધમ અજામેળ તુરત તાર્યો. હેવા ટેવ ૨
ભુપનું નોતરૂં ભાવ વિણ પરહર્યું, પ્રેમનો પારખું પરમ ડાહ્યો,
ભકતની ઝુપડી જગત ઉંચિ કરિ, ભાજીને ભોજને તું ધરાયો. હેવા ટેવ ૩
દ્રૌપદી કેરી લજ્જા તણે કારણે, દ્વારિકાથી ધસ્યા એક સ્વાસે,
સાંચ પાંડવતણી લાંચ ન્હોતી કરિ, દુત થઇ આવીયા દુષ્ટ પાસે. હેવા ટેવ ૪
કામ દ્રષ્ટે કોઈ કૃષ્ણ કહેતી હતી, ગોપિનાં ગોરસ લેઇ પીધાં,
સવરીના બોરમાં સ્વાદ ઝાઝો ગણ્યો, મુનિતણા વૃંદમાં માન દીધાં. હેવા ટેવ ૫
વિસ્વ પાલક એવું બિરદ પોતે વહે, એમ કહે સમરથ વેદ વાણી,
નરસૈયા રંકને જંખના ભજનની, આપ અલબેલડા અધમ જાણી. હેવા ટેવ ૬

ઇશ્વરનુ કીરતન કરવા વિષે.

પદ ૬ ઠું.

કૃષ્ણ કિરતન વિના નર સદા સુતકી, વિમળ કીધે વપુ સુધ ન થાયે,
સકળ તીરથ શ્રી કૃષ્ણ કિરતન કથા, હરિ તણા દાસ જ્યાં હેતે ગાયે. કૃષ્ણ. ૧
પુર્ણ પુરસોત્તમ નવલ રંગી તજી, અન્ય દેવે જેનું જાન મોહે;
કોટી ચિંતામણ કામ ધેનું તજી; મહીશીના પુત્રનું દુધ દોહે. કૃષ્ણ. ૨
ગર્ગ જોશી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મુકે,
તે બ્રહ્મ દ્વાર આવીને ઉભા રહયા, ગોપીકા મુખ જોવાને ઢુંકે. કૃષ્ણ. ૩
અજ ભવસુર પણ સ્વપ્ને પેખે નહીં, નેતી નેતી કહી નિગમ વાખે,
નરસૈયો રંક જશ ગાઇને રીઝવે, સહસ્ત્ર મુખે શેષ પાર ન પામે. કૃષ્ણ. ૪

હરિનું સ્મરણ કરવા વિષે.

પદ ૭ મું.

હરિ હરિ રટણ કર કઠણ કળિમાં, દામ બેસે નહીં કામ સરશે,
ભક્ત આધીન છે શામ સુંદર સદા, તે તારા કારજ સિદ્ધ કરશે. હરિહર. ૧
એ સુખ સારૂં શું મુંઠ ફુલ્યો ફરે, શીશપર કાળ રહયો દંત કરડે;
પામર પલકની ખબર તુજને નહીં, મુંઠ શું જોઇને મુછ મરડે. હરિહર. ૨
મોહ પાપે કરી બુદ્ધિ પાછી ફરી, પરહરિ થડ શું ડાળે વળગ્યો,
ઇશને ઠરશા છે નહીં જીવાર, આપને અવગુણે રહયોરે અળગો. હરિહર. ૩
પરપંચ પરહરો સાર હૃદિએ ધરો, ઉચ્ચરો હરિ મુખ અચળ વાણી;
નરસૈયા તણી ભક્તિ બુલીશમાં, ભક્તિ વિના બીજું ધુળધાણી. હરિહર. ૪

પદ ૮ મું.

બાપજી પાપ મે કવણ કીધાં હશે, નામ લેતાં તારૂં નિંદ્રા આવે,
ઉંઘ આળસ્ય અહાર મે આદર્યાં, લાભ વિના લવરી કરવી ભાવે. બાપજી. ૧
દિન પુઠે દિન તો વહી જાય છે, દુરમતી નામે ભરયાંરે ઠાલાં;
ભક્તિ ભુતળ વિશે નવ કરી તાહરી, ખાંડયા સંસારના થોથાં ઠાલાં. બાપજી ૨
દેહ છે જુઠડી કરમ છે જુઠડાં, ભીડ ભંજન તારૂં નામ સાચું,
ફરિ ફરિ વરણવું શ્રી હરી તુજને, પતિત પાવન તારૂં નામ જાચું. બાપજી ૪
તારી કરૂણા વિના કૃષ્ણ કોડામણા, કળ અને વિકળનું બળ ન ફાવે;
નરસૈયા રંકને જંખના તાહરી, હેડ બેડી ભાગો શરણ આવે. બાપજી ૫

હરિજનની સંગત વિશે.

પદ ૯ મું.

તારા દાસના દાસની નિત્ય સંગત વિના, ભ્રષ્ટ થાય ભુધરા મન માહારૂં;
દુષ્ટની સંગતે દુષ્ટ મતી ઉપજે, શ્રવણ કીરતન નવ થાય તારૂં. તારા દાસના. ૧
પુર્ણ વિષપાનથી દુરિજન દોહલા, વીષ પીધે તન તેજ મરશે;
તુજથીજ વેગળા તેહની સંગતે, જન્મ કોટી તણા સુકૃત હરશે. તારા દાસના ૨
અમૃતની ઉપમા સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટળી તેણે;
પ્રલ્હાદ નારદે ગરભ સંગત કરી, વશ કર્યા વૈકુંઠનાથ જેણે તારા દાસના ૩
ચતુરધા મુક્તિ છે જુજવી જુક્તીની, તાહારા તેહને નવ રાચે;
બેહુ કરજોડીને નરસઇયો વિનવે, જન્મો જન્મ તારી ભકતી જાચે તારા દાસના ૪

ભક્તના મહિમા વિશે.

પદ ૧૦ મું.

તારા દાસના ચરણની રેણુ મસ્તક ધરૂ, જે થકી કોટી કલ્યાણ પામું;
નિરખતાં નેહશું નેત્ર અમૃત ઠરે, ભવતણા પાપ તે લવણ વામું તારા દાસના ૧
ભક્તને ભેટતાં કિલ્મિષ નવ રહે, જ્ઞાન દીપક થકી તિમિર નાશે;
ધન્યધન્ય ભાગ્ય જે સાધુ સંગત કરે, કૃષ્ણ કીરતન થકી કૃષ્ણ ભાસે તારા દાસના. ૨
એક ક્ષણ વાર જે સંગત કરે, ધન્ય ઘડી જનુની તેજ જાણું;
ભણે નરસઇયો ભવસાગર બુડતાં; હરિજન નાવ નિશ્ચે પ્રમાણું. તારા દાસના ૩

ઈશ્વરના મહિમા વિશે.

પદ ૧૧ મું.

મેં ગાયો બ્રહ્મ તે પરમ આનંદસ્વ, કદમના જીવ તે મરમ બોલે,
પરમ પોરિંધરા ગુજને જાણ્યા વિના, રત્ન ગુંજાકરે એક તોલે. મેં ગાયો. ૧.
નિગમ અગમ સુગમ હવો ગોપને. તેહનો પાર કોઇ નવ જાણે;
શામની કુબ્જી તેને ફરે નહી કામના,ભુમીના ભુતના ભરમ આણે મે ગાયો
પણ જ્યાંહાં બ્રહ્મ ત્યાં પરમ આનંદ છે, ને આનંદ ત્યાં આનંદ હોશે;
નરસયો મંદમતી ગાય છે ગુણ કર્મી, બ્રહ્મ ભજવા થકી મોક્ષ હોયે. મે ગાયો

સુદામા ચરિત્ર વિશે.

પદ ૧૨ મું.

સુદામાની સ્ત્રી સુદામાને કહે છે—રાગ ઉપર પ્રમાણે

જદુપતિનાથ તે મિત્ર છે તમ તણા, જાઓ વેગ કરી કૃષ્ણ પાસે,
પ્રીત પુરવતણી હેત ધરશે હરી.મનના મનોરથ સફળ થાશે જદુપતિનાથ. ટેક ૧.
ઘેર બાળક સહુ દુખ પામે બહુ, અન્નને જળથી રહે છે ઉણાં;
નિરધન સરજીયાં પુણ્ય કીધા કર્મનો દોષ તે આવી પુગ્યા જદુપતિનાથ ૨
જદુપતિ જાદવો ભકિત વશ માધવો. કરશે કરૂણા પ્રભુ દીન જાણી;
ગોમતી સ્નાનથી કોટી અઘ નીશશે નિરખતાં કૃષ્ણને પ્રેમ આણી જદુપતિનાથ. ૩
કૃષ્ણને હળીમળી શિખ આવો વળી, જાણશે દુખ અંતરજામી;
વિનતી મનમાં ધરો આળસ પરહરો,સહાય થાશે નરસૈંના સ્વામી. જદુપતિ ૪

પદ ૧૩ મું

સાંભળો ભામની કાન ધરી કામની, કેમ કહાવું હું કૃપણ પાપી
ત્રિભુવન નાથ તે મહિપતી માધવો. કેમ બોલાય ત્યાં વાત વ્યાપી સાંભળો ટેક.
દિવસ ઝાઝા થયા બાળપણનાં ગયા, નરપતી નવ જાણે પ્રીત જુની:
દુરબળ રંક હું ભિક્ષુક બાપડા, નવ લહુ ઓળખી બારણાં જુની સાંભળો ૨
ઉગ્રસેન અક્રુર ઓધવ છે ત્યાં, બળભદ્ર ને અનિરુદ્ધ પાસે;
કોટી જોદ્ધા જ્યાં ઉભા રહીને કહ્યાં, કોણ આવી મ્હારો હાથ સાહસે. સાંભળો ૩
જડિત રત્નો મણી કાન્તી ભાસે ઘણી, ઝળકિર ભાંત રંગી જ્યાત પાસે;
ત્યાં કેમ બોલી શકુ વેણ વદતો થકો, કેમ હું મિત્રતો હરિ નિરબોધ પાસે સાંભળો. ૪
મૌન બેશી રહો સુખ દુખ સહિ સહો, ભાગવો કોઇ તે ભાગ્ય આશ્રય.
હરિજન લોક તે છાને લવતા રહે, નરસઇના સ્વામીનું બીરુદ મોટું સાંભળો. ૫

પદ ૧૪ મું.

સ્વામી સાચું કહ્યું બોલતું નવ રહ્યું, કથના વચન તે વાણી,
ભવતણું નાવ ભક્તિ ભુધરતણી, નેહ હું પીછવું સ્નેહ આણી આણી. સ્વામિ. ૧
નથી હરિ વેગળા ભક્તિ ભાવે મળ્યાં, રાય ને રંક તે એક ઘાટે,
લખપતિ કોટાધ્વજ મન નાણે રતી,શક સરિખા ત્યાંહાં નથિ સાટે.સ્વામિ. ૨.
બ્રાહ્મણ દેવ દયાળ શ્રી કૃષ્ણજી, નિજ જન જાણીને શુદ્ધ લેશે;
મિત્રની રીત તે જાય નહીં વીસરી, બાળલીલા તણાં ચરિત્ર કહેશે. સ્વામિ. ૩

નથિ કાંઇ ઓઢવા ભેટ લેઈ જવા, કેમ કરી જાણશે કૃમણ કામી;
ફત નથી આપણું દન લજામણું. નિરખતાં લાજે નરસૈનો સ્વામિ. સ્વામિ ૪

પદ ૧૫ મું.

વીનતિ વળી કહું ભેટ લાવી હઉં, પોતિયે તાંદુલ ગાંઠ બાંધે,
જાણશે થોડું ઘણું ભાવ ભોજન તણું, ધન્ય તે કૃષ્ણશું સ્નેહ સાંધો. વીનતી.
ભીલડિના બોર તે ભાવે આરોગીયા, જુઠું અન્ન આહિરનું લીધું;
ભકત વિદુરની ભાજી ભાવે જમ્યા, ભુપનું નોતરૂં પાછું કીધું. વીનતી. ૨
પેરે પેરે પાંડવ કષ્ટ નીવારીયાં, ભકત કારણ કઇ દુષ્ટ મારયા;
ઉંચને નીચનું એને છે પારખું, પતિત અધરમી કઈ કોટી તારયા. વીનતી. ૩
ભક્તિ વશ વીઠલો સંત સાથે મળ્યો, સમોવડને નવ ચુકે ટાણું
સંત સમરે ત્યાંહાં આવી ઉભો રહે, ભકતના મનતણો ભાવ જાણે. વીનતી. ૪
જાઓ વેગે કરી નિરખો મુક્તિપુરી. ધન્ય ધન્ય તારૂણી સ્નેહ ન્યાળો;
નરસૈના નાથને નિરખો નિશ્ચય કરી, કામનિયે કંથને બાંહ્ય ઝાલ્યો.વીનતી. ૫

પદ ૧૬ મું.

ચાલયો વાટમાં જ્ઞાનના ઘાટમાં, મીત્ર મોહનતણું નામ લેતો;
ધન્ય એ નાર અવતાર સફળ કર્યા, કૃશ્ણ હે કૃશ્ણ મુખ એમ કહેતો.ચાલિયો.૧
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણિને, લોભ કીધો ત્યાંહાં પ્રીત તુટે;
કહ્યું મેં અબળા સુખે બેશી રહો, માગતાં તો બધો મર્મ છુટે. ચાલયો.૨
માગીયું મેં નથી શું મુખે કહું કથી, ભોગવું કર્મ જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતી નાથે મને રંક સરજાવીયો, એમ કરી દ્વિજ દ્વાર આવ્યો. ચાલિયો ૩
આવી ઉભો રહયો કંઠ ગદગદ થયો કોટી સુરજ શશી જાત ભાસે;
ઉર દયા આણીને હરીજન જાણીને, પોળીએ જઇ કહ્યું કૃશ્ણ પાસે. ચાલીયો. ૪
મદિર તેડીયા ચાલિને ભેટિયા, ત્રિવિધિના તાપ તે સર્વે નાઠાં;
હેમ સિહાસને લેઇ બેસારીયા, તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટયાં. ચાલીયો. ૫
તેલ ફુલેલ મરદન કરાવિયાં. શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકના પાઘડી ચરણ આગળ ધરી, કૃશ્ણે ચરણોદક શીશ લીધું. ચાલીયો ૬
પુનીત પિતાંબર પહેરવા આપીયું, કનકને થાળે પકવાન દીધાં;
ભાવતાં ભોજન કૃશ્ન સાથે કરયાં, લીધું આચમન ને કારજ સિધ્યાં.ચાલીયો૭
કૃશ્ન પલગપર પોતે પધરાવિયા, દધિસુત વીંઝણે વાયુ ભરતા;
સત્યભામાદિક નારી નિરખી રહિ, નરસૈનો નાથ પદસેવ કરતા. ચાલીયો ૮

પદ ૧૭ મું.

ભાગ્ય જો જો આઇ કૃપણ ભિક્ષુક તણું, રૂકમણી આદિ સૈ નારી બોલે;
હળધર જોય્ય તે ભોગ પહોચાડિયા, આજ અમરીષથી અધિક તોલ; ભાગ્ય ૧
આ કૃપણ રૂપ તે પ્રગટીયું કયાં થકી, વસ્ત્ર મેલાં દીસે કર્મ કુટયો;
ત્રિગુણને દુર્લભ સેજ રમા તણી, વશ કરી નાથને પાપ છુટયો. ભાગ્ય ૨
અંગ અતિ કમકમે ઘણુણુ મ્હોડે ધમે, ઉધરસે ને વળી નાક ઝુતો;
જો જો કૌતક હરી દેહ દશા ફરી, કૃશ્ણ તે કૃશ્ણને સંગ સુતો. ભાગ્ય ૩
પહોડીને ઉઠીયા સ્નાને બેસારીયા, વદન પખાળવા નીર દીધું;

કનક ઝારી ભરી શીતળ જળ આપીયું, કનક કટોરે તે પાણી પીધું ભાગ્ય૪
શ્રીમુખે બોલીયા કહોને બાંધવ તમો, બ્રહ્મચારી કે ગ્રહ ધર્મ કીધો
કુશળ છે બાળ ગોપાળ સહુ તમ તણાં, ભાગ્ય મોટુ મને ચીત્ત લીધો. ભાગ્ય૫
ગ્રહસ્થના ધર્મમાં હુય વળગી રહયો, હુંને મારી વળિ ગત્ય ભુલ્યો.
મીત્ર સુદામાની શુદ્ધ લીધી નહી, કામની કેફમાં હું જ રહ્યો. ભાગ્ય ૬
સાંદીપ ગોરને ઘેર આપણ ભણ્યા, ધન્ય ધન્ય દિવસ તે સફળ કહાવ્યો;
એક રેણી રહ્યા વન વીશે આપણે, શરપાળ ભાગતાં મેઘ આવ્યો. ભાગ્ય ૭
અન્ન લીધા વીના ભુખ્યા બેશી રહ્યા, ગોરાણીએ આપણી પીડ જાણી;
વીસરી ગયુ છે કે વીર તને સાંભરે, સાંદીપ ગોરની અચળ વાણી. ભાગ્ય ૮
ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી, ભાવશું ભાઇ તે લાગે મીઠી;
સંકોચતો ગાંઠડી વીપ્ર આઘી ધરે, નરસઇના સ્વામીએ નજરે દીઠી.ભાગ્ય ૯

પદ ૧૮ મું.

છપ્પન ભોગ જ્યાં કવણ તાંદુલ ત્યાં, આપતાં ઉર સંકોચ આવે;
જેરે જોઇએ તે આવી મળે કરશનને, તાંદુલ ભેટ તુચ્છ કહાવે. છપ્પન ૧
ધાઈ લીધા હરી મુઠ તાંદુલ ભરી, એમ આરોગીયા તૃપ્તી પામી;
ઇંદ્ર કુબેરથી અધિક વઈભવ કર્યો, રૂકમણી કર શીશ નામી. છપ્પન ૨
એક રહયાં અમો એક બીજા તમો, ભક્તને અકળક દાન કરતા;
પ્રેમદાએ પ્રેમનાં વચન એવાં કહ્યાં, હાથ સાહયો બીજી મુઠી ભરતાં. છપ્પન ૩
ચીનતા વચન તે વીપ્ર સમજ્યો નહિ, ચાલવા ઘર ભણી શીખ માગી;
નરસઇને નાથે દુરબળપણું ટાળીયું, ભુખના દુઃખની ભીડ ભાગી. છપ્પન ૪

પદ ૧૯ મું

વીપ્ર ચાલ્યો વળી કરન સાથે મળી, ચીતમાં શોચી વીચાર કરતો;
આપ્યું તો કાંઇ નહી પીડ જાણી નહી, તે તણો શોચ રૂદીયેજ ધરતો. વીપ્ર.૧
અષ્ટ મહાસીદ્ધિ તણી રીદ્ધિ નવનીધી તણી, સપતીમાં રહયો ભોગ માણી;
કામની કંચને હુ દવારકાં આવીયો, અમતણી પીડાતો નવ જાણી. વીપ્ર ૨
બાળ ગોપાળ જે વાટ જોતાં હશે, તેહુને જોઇ અમો શુ કહેશુ;
મીત્ર મોહનતણુ હેત જ્યારે પુછશે, કામનીને ઉત્તર કેમ દેશુ. વીપ્ર ૩
એમ ચિંતા કરે નેત્રથી નીર ઝરે, કરશની વાત મનમાંહિ ધારી;
નરસઇનો નાથ તો અતી ઘણો લોભીયો, પીતાંબરી પણ લીધી ઉતારી.વીપ્ર.૪

પદ ૨૦ મુ.

ધન્ય તું ધન્ય તું રાય રણછોડજી, દીન જાણી મને માન દીધું;
નહી મુજ જોગ તે ભોગ પડોંચાડીયા, આજ અમરીશ અધીક કીધું. ધન્ય. ૧
કનકને આસને મુજને બેસારીયો, રૂકમણી કરનનો હાથ સહાતાં;
હેત કરિ કરી ચરણ તળાંશીયે, ખટરસ ભોજન ખાંતે ખાતાં. ધન્ય. ૨
બાળપણા તણો સ્નેહ નવ વીસર્યો, મીત્ર મોહનતણી પ્રીત સાચી;
હેતથી હળી મળી માન દીધું મને, રંક બેસાર્યો કનક માંચી. ધન્ય ૩
ધન્ય ધન્ય કૃષ્ણજી સંત સેવા કરી, ધ્યાન ધરતો હુ નીજ દવાર આવ્યો;
રત્ન જડીત મણી ભવન શોભા ઘણી, દેવ શું દવારકા આંહી લાવ્યો. ધન્ય ૪

કનકની ભુમીને રત્નના થાંભલા, અર્કની જોત ઉદયોત દીસે;
આનને પાન વિહાર સ્થાનક ઘણા, કામની નિરખતાં કામ હીસે. ધન્ય. ૫
સમે નવ વરસની દીઠી ત્યાં સુંદરી, નારી નવ જોબના બહુ રૂપાળી;
સોળ શણગાર તે અંગ સુંદર ઠરયા, દેવ વિમાનથી રહયા નિહાળી. ધન્ય. ૬
સહસ્ર દાસી મળી પાસે વીંટી વળી કામની કંથની પાસ આવી;
સ્વામીરે સ્વામી હુ દાસી છું તમતણી, ચાલો મંદિરવિશે પ્રેમ લાવી. ધન્ય. ૭
ગોમતી સ્નાન કરી કૃષ્નજી નિરખીયા, પુણ્ય પ્રગટ થયું પાપ નાઠું;
તેથકી સમૃદ્ધિ આ સકળ તે સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય માઠું ધન્ય. ૮
કૃશ્ન કહેતાં તે નીજ ધામ પધારીયા, નવલ જોબન થયાં નરને નારી;
વીનતી ઉચરતાં રજની વીતી ગઇ, નરસઇના સ્વામીની પ્રીત ભારિ. ધન્ય. ૯

ઈતી સુદામાનાં પ્રભાતીયાં સંપુર્ણ

ગોપિયોના જન્મની તારીફ વીશે.

પદ ૨૧ મુ.

સારમાં સાર અવતાર અબળા તણો, જે ભજે બળીભદ્ર વીર રીઝે;
પુરૂષ પુરૂષોતમ શુ કરૂં હે સખી, જેથી નહી આહરૂ કાજ સીજે. સારમાં. ૧
મુક્તી પર્યંત તો પ્રાપ્તી છે પુરૂષને, સત્ય જો સેવક ભાવ રાખે;
રસ ભરયુ રૂપાળુ નાથ નોહારા કે [illegible] નહી નાર અવતાર પાખે. સારમાં. ૨
ઇંદ્ર આદીક અજ ઇશને આદ્ય જુગી, ગોપીકા ચરણરજ તેહ વંદે;
ગોપીથી આપનુ અવગપણુ લેખવે નરપણુ નવ રૂચે આપ નંદે. સારમાં. ૩
વેદ વેદાંત ઉપનીશદ ખટ મળી, જે મથીને રસ પ્રગટ કીધો;
તે રસ ભાગ્યનીધી ભામની ભોગવે,અહોનીશ અનુભવ સંગ લીધો.સારમાં. ૪
સ્વપ્ન સાચુ કરે ગીરીધર શામળો, પ્રણમુ હુ પ્રાણપતી પાણ જોડી;
પશનુ જેમ પશુ પુઠળ વળગ્યુ ફરે, નરસઇના નાથજી નાથ તોડી.સારમાં. ૫

પરોઢીયે વેહેલા ઉઠવા વિશે.

પદ ૨૨ મુ.

રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરૂષને સુઇ ન રહેવુ;
નીંદ્રાને પરહરી સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું. રાત રહે. ૧
જોગીયા હોય તેને જોગ સંભાળવા, ભોગીયા હોય તેને ભોગ તજવા;
વેદીયા હોય તેને વેદ વીચારવા, વઇશ્નવ હોય તેને કૃશ્ન ભજવા. રાત રહે. ૨
સુકવી હોય તેને સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેને દાન કરવું;
પતિવૃતા નારને કંથને પુછવુ, કંથ કહે તેતો ચીત્ત ધરવું. રાત રહે. ૩
આપણે આપણા કર્મ સંભાળવા, કર્મનો મર્મ તે જો વીચારી;
નરસૈંઇના સ્વામીના સ્નેહથી સમરતાં,ફેર નવ અવતરે નરને નારી. રાત રહે. ૪

અભકત વિષે.

પદ ૨૩ મું.

નંદના નંદશુ નેહ જેને નહી, તેરે માનવ ખર શ્વાન તોલે;
ભુતળ ભાર કરવાને એ અવતરયા, પ્રેતની પેરે સંસાર ડોલે. નંદના. ૧

દુઃખી થકી ટળો ભોગ તેના બળો, શાલ પડો તેના મુખ માંહે;
જીવતા જન તેતો જમ જેવા જાણવા, પ્રીત નાહી જેહને કૃશ્ન સાથે,નંદના. ૨
કીરતી શ્રી કૃશ્નની જીભથી નવ ભજે, તેરે મુખ દેવરાશ તાણુ;
ભણે નરસઇયો જેણે હરીને જાણ્યા નહી, તેહનું કુટુંબ સહાય કાણું.નંદના ૩

ઇશ્વરના પ્રેમ માગવા વીશે.

પદ ૨૪ મું.

પ્રેમરસ પાને તુ મોરના પીંછધર, તત્વનું ટુંપણું તુચ્છ લાગે;
દુબળા ઢોરનું કશકે મન ચળે ચતુરધા મુક્તી તાહી ન માગે પ્રેમ. ૧
પ્રેમની વાત પરીક્ષત પ્રીછયો નહીં, શુકજીએ સમજીને રસ સતાડયો;
જ્ઞાન વૈરાગ્ય કરી ગ્રંથ પુરો કર્યો, મુક્તીનો મારગ સીધો દેખાડયો. પ્રેમ, ૨
મારીને મુક્તી આવી ઘણા દઇતને, જ્ઞાની વિશાદિક બહુ મુનીરે જાગી;
પ્રેમને જોગ હતી વ્રજતણી ગોપીકા, અવર વીરલા કોઇ ભક્ત ભોગી.પ્રેમ ૩
પ્રેતને મુક્તીનો પરમ વલ્લભ સમ, હેતુના જીવ હેતુ તુટે;
જન્મો જનમ લીલાં રસ ગાયતાં, લહાણનાં વહાણ જેમ દ્વાર છુટે. પ્રેમ ૪
મેં ગ્રહયો હાથ ગોપીનાથ ગરવા તણો, અવર બીજુ કોઇએ ન આવે;
નરસઇયો મહામતી ગાયછે ગુણકથી, જતી સતીનેતો સ્વપ્ને ન આવે.પ્રેમ. ૫

વામનજીના જનમ વીશે.

પદ ૨૫ મુ

બળી તણે દ્વાર હરી વીપ્ર વામન હુવા, વેદની ધુન ગગન ગાજી;
ઇંદ્ર પ્રસ્થથી બળી આવ્યો ઉતાવળો, જેરે જોઇએ તે દ્વીજ ઇચ્છાને માગી બળી. ૧
એક પણકુટી તણો ઠામ ભણવા કરૂ ધોરવુ તે મારે મુળ રાચુ;
વીપ્ર ફરે ઘણા લોભના વહેલા દામ માટે ઘણો હુ ન રાચુ. બળી. ૨
ઇચ્છાને દ્વાજીતમે નીવજ્યાં મંદીરો, ભુમીશું મંગારે ત્રણ કરમાં;
હયોજી ભંડાર બહુ કુચીયો સહીતવળી, માગો હસ્તી મારાં રાખે ઘરમાં બ ૩
હસ્તી ભંડારને હુ લેઈ શું કરૂં, લોભીયાની નથી જાત માહરી;
આજે વીધાતાયે વામન નીરમ્યો, વ્રત રહેવું મારે બ્રહ્મચારી. બળી. ૪
જાતજે તું બળી શુક્ર કહે છળ પડયો, વીષ્ણુએ વામન વેષધારી;
અશ્વ જગન સમે દાન અવની તણું, પાત્ર એવું કયાં મળે મુને મુરારી બ. ૫
હરી તણા ચરણ ઉપર નીર નામતાં, નાળમાં ભ્રગુસુત પેંઠા ચાલી;
શીસ હ્રદયે ધરી ધણ ધણ રાયજી, નેત્રમાં હર્ષની સેર ચાલી. બળી ૬
આપડો બહીરાય પગતળે ચાંપીયો, પ્રભુ પાતાળનો કરીને થાપ્યો
ભણે નરસઇયો હરીભક્ત આધીનછે. ઇંદ્ર અવીચળ અધીકાર આપ્યો. બ. ૭

બ્રહ્મજ્ઞાન વીશે

પદ ૨૬ મું.

જાગીને જોઉ તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચીત્ત ચૈતન્ય વીલાપ તદરૂપછે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. જાગીને જોઉ.ટેક. ૧
પંચ મહા ભુત પરીબ્રહ્મ વીશે ઉપન્યા, અણુ અણુ માંહી રહયા રે વળગી;

ફુલ ને ફળ તેતો ગ્રહના ભાણવાં, ઘડ થકી ડાળ તે નહીરે અળગી.જાગી જોઉં. ૨
વેદ તો એમ વદે સ્રુતિ સ્મૃતી સાખ્ય દે, કનક કુંડળ વીષે ભેદ નાયે;
ઘાટ ઘડયા પછી નામ રૂપ જુજવાં, અંતે તો હેમનું હેમ હોયે.જાગીને જોઉં ૩
જીવ ને શીવતો આપ ઇચ્છાયે થયા, રચી પરપંચ ચૌદ લોક કીધાં;
ભણે નરસઇયો એ તેજ તું, એને સમરયાથી કંઈ સંત સીધ્યા. જાગી ૪

પદ ૨૭ મું.

શરીર શોધ્યા વીના સાર નહી સાંપડે; પંડીતા પાર નહી પામ્યા પોથે;
તાંદુલ મેલીને તુષને વળગી રહયો, ભુખ નહી ભાગે એમ ઠાલે થોથે.શરીર. ૧
રસના સ્વાદમાં સર્વ રૂંધાઈ રહ્યા, વળતી ગુરૂ જ્ઞાન વીનારે બુધે
વાણી વીલાસમાં વીવીધ વાણી વદે, પરહરી પ્રેમની વળગે યુધે. શરીર. ૨
શબ્દ શીખે ખરે ? સકળ વિદ્યા ભણે, અધ્યાત્મા ઉચરે આવી ઓટે;
પ્રપંચ પીંડમાં રહયો અહંકાર નવ ગયો, આઠડયો એમ અનંત કોટે. શરીર. ૩
શાસ્ત્ર કથા કહે રજનીમાં આથડે, એમ અજ્ઞાનમાં શીશ ગોટે;
ભણે નરસઇયો જે ભેદ જાણી જુઓ, મેં તો રચી કહ્યું પદ ચો.થે. શરીર. ૪

ઇસ્વરનું ધ્યાન ધરવા વિશે.

પદ ૨૮ મું.

ધ્યાન ધર ધ્યાન ધર નંદના કુવરનું, જે થકી અખીલ આનંદ પામે;
અષ્ટ માહા સીદ્ધી તે દ્વાર ઉભી રહે, દેહનાં દુકૃત તે દુર વામે. ધ્યાન ધર. ૧
મોરના પીછનો મુગટ મુસ્તક ધરે, કુંડળ મકરાકૃત શ્રવણ લળકે;
નિલવટ તીલક તે સભંગ કેસર તણું, કંઠ મુક્તાફળ હાર ઢળકે. ધ્યાન ધર. ૨
પીતાંબર પલવટ કટીતરૂ ચીર છે, લલીત ત્રિભંગીવાળો વેણ વાયે;
કંદમનો દરૂમ તળે રાધકા રસ ભરી, હરજીને સંગ આલાપિ ગાયે.ધ્યાન ધર ૩
મોરલીની ધ્રુની સુણી વનીતા વ્યાકુળ થઈ, ગોપિકા કેરાં વૃંદ આવે;
નરસઇયાને મન આનંદ અતિ ઘણો, પુષ્પ મુક્તાફળ લેઇ ધરાવે. ધ્યાન ધર ૪

પદ ૨૯ મું.

શા સુખે સુતો સંભાર શ્રી નાથને, હાથ તે હરિવિના કોણ સ્હાયે;
માતને તાત સુત ભ્રાત ટોળે મળ્યા, દોહલી વેળા સૌ દુર જાયે. શા સુખે. ૧
ઉંધે મસ્તક હતો ઉગ્ર તપ આચરી, ભક્તિ કીધી ભગવાન કેરી;
અવતરી પાસ બંધાયો માયા તણો, લંપટી લાલચે લીધો ઘેરી. શા સુખે, ૨
દિવસે ચોદસ ભમ્યો રાત નિંદ્રા વિશે. સ્વપ્નમાં સાંભરે મોટી માયા;
પલક પલવાર નહિ હરિને ભજવાતણો, જ્યાં લગી જીવ સંજોગ કાયા. શા. ૩
ધન ધામે કરી મોહિ રહયો લોભિયા, વેદના વિસરી ગરભ કેરી;
નાથ ત્રિલોકના હરિને સંભારી, જ્યારે રાખ્યોતો જઠરામાં ઘેરી. શા. ૪
જાગરે જીવડા વાજ આવ્યો ઘણું, કેટલાએક પ્રતિબોધ દીજે;
નરસઇના સ્વામીને નીત્ય સંભારતાં, દેહનાં દુકૃત દુર કીજે. શા સુખે ૫

ઉપદેશ વિશે.

પદ ૩૦ મું.

સાધુ સાધુ સાધુ ભણે સહુ ગોવિંદના, માનવી દેહ તત્વ કહિયે;
[illegible] કહો વળિ વળિ [illegible] કહેતાં સઉ [illegible] લહિયે. [illegible] ૧

કરન સેવાતણિ અમર ઇચ્છા કરે, મુઢ મતી માનવી કાંઇ ન જાણે;
કૃષ્ણનું નામ રખે રૂદયથી વીસરે, ધન્યમાં ધન્ય કૃષ્ણજ પરમાણે. સાધુ. ૨
જેને જોવા મહા મુનીજન ભમે, વીઠલો વનમાં ગાયો ચારે;
ભણે નરસઇયો જે ચતુર નર તે ખરો, અહરનીશ કૃષ્ણ ધારે. સાધુ. ૩

પદ ૩૧ મું.

પારકી હુંશે મહત્તા કરે પ્રાણીયા, પુન્ય પાખી સર્વ વાત ખોટી,
કહે તેતો કરશણ કોદરા વાવીયા, કયાંથી જમે તુતો દાર રોટી. પારકી. ૧
કહે તેતો દાન આપ્યું અજાતણું, કયાંથી દુહે તુતો ઘેર ઝોટી;
કહે તે કથીર સોનારને આપીયું, કયાંથી પહેરે તું કનક ટોટા પારકી. ૨
પુણ્યથી રીધી છે પુણ્યથી સીધી છે. પુણ્યથી પાહેરશો ઠગલો ટોટી;
ભણે નરસઇયો તું પુણ્યકર પ્રાણીયા, પુણ્યથી પામશે પદવી મોટી. પારકી. ૩

જશોદાના પુણ્ય વિષે.

પદ ૩૨ મું.

ધન્યરે ધન્ય મહા પુણ્ય જશોદાતણું, પુત્ર ભાવે પરીબ્રહ્મ રાજે;
નંદના નંદ આનંદ થઇ અવતર્યા, શેશ બળીભદ્ર સંગ બીરાજે ધન્યરે. ૧
અમર આહીર અરધાંગ ગોપાંગના, વૃક્ષવેલી સર્વ રૂપી રાણી;
ભક્તિ તે રાધિકા મુક્તિ જશોમતી, વ્રજ વૈકુંઠ તે વેદ વાણી ધન્યરે. ૨
નીગમ વસુદેવજી ગાય ગોપી રૂચાં, દેવકી બ્રમ વિવાહ કહાવે;
બ્રમા કર લાકડી વેણુ મહાદેવજી, પંચ વદન કરી ગાન ગાવે. ધન્યરે. ૩
ઇંદ્ર અરજુન અહંકાર દુરયોધન, દેવતા અવતાર લીધા;
ધર્મ તે રાય યુધીષ્ઠિર જાણજો, દાસનો દાસ નરસેને કીધા. ધન્યરે. ૪

જશોદા શ્રીકૃષ્ણને જગાડે છે તે વિશે.

પદ ૩૩ મુ

ઉઠ ઉતાવળો ચાલ્યને વીઠલા, ગોવીંદ ગાયને વચ્છ ધાવે
જાગ્યને જાદવા, જનનિ જશોદા વદે, કહાન કાં ઘણી તને નિંદ્રા આવે. ઉઠ. ૧
દંતધાવન કરો આળસ પરહરો, રજનિ તિમિર ગયું પહો ફાટયું;
કુરને કરમળો સે ન શીરાવતો, દહિરે દામોદરા થાય ખાટું. ઉઠ. ૨
બારણે બળીભદ્ર ઉભા બહાર, જોરે વહાલા તારી વાટ જુવે;
નરસઈના સ્વામિનું મુખડું દિઠડે, માતનું મનડું અતિરે મોહે ઉઠ. ૩

ઇશ્વરની ભકિત માગવા વીષે.

પદ ૩૪ મુ-

મારા નાથજી મુંને ભક્તિ દેજો સદા, દિનજાણિને સંભાળ લેજો.
ભક્તિ આપિ ભલા ભાવથી ભુદરા, અંતઆવિ અહોનિશ રહેજો મારા. ૧
ભક્તી કારણ મારો દેહ દુરબળ હજો, દેહ કારણ રખે સ્નેહ જાયે;
આજ મનસાથ જદુનાથ વિસરે, વળતિ વલે મારિ કોણ થાયે; મારા. ૨
કર્મ કુકર્મ કરિ ખાણ ચારે ભમિ, નાસવ નિસર્યો નામ આવિ,
કરણ કિરતન વિના જાન જાગેહ્રક્ષ, જેમ રહે જગરે નિદ્ર હરિ. મારા. ૩

હું ગર્ભ માંના ફરચો નીત્ય ઉજાગરો, નવ ઠર્યો નાથજી શરણ પાખે;
ભવવિષે બુડતાં વાસ્ને બુમ નહીં, બાંહ્ય ગ્રહી મુજને કોણ રાખે. મારા. ૪
અલ્પ આયુસ્યમાં કલ્પના મનુષ્ય, આજ કીધું વળી કાલ કરવું;
સ્વાસનો સો વીશ્વાસ નહી નીમીષનો આશ આથુરીને એમ ગરવું. મારા. ૫
ઉત્તમ મધ્યમ વરણ તુ વીઠલા, પ્રગટ થઇને દરશન પમાડો;
નરસઇયા રંકને ટંક કરૂણા કરો, દીનબન્ધુ વળ્યો આંક આડો. મારા. ૬

ઈસ્વર ઈચ્છાથી જે બને તેનો અફશોષ ન કરવા વિષે.

પદ ૩૪ મું.

જે ગમે જગત ગુરૂદેવ જગદીશને, તે તણો ખરશરો ફોક કરવો,
આપણો ચીતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો જે. ૧
હું કરૂં હું કરૂ એજ અજ્ઞાનતા, શંકટનો ભાર જેમ સ્વાન તાણે;
સૃષ્ટી મંડાણ છે સર્વ એણીપેરે, જોગી જોગેશ્વરા કોઇ જાણે. જે. ૨
નીપજે નરથી તો કોઇ ન રહે દુખી, શતરૂ મારીને સૌ મીત્ર રાખે,
રાયને રંક કોઇ દ્રષ્ટે આવે નહી, ભવનપર ભવનપર છત્ર રાખે. જે ૩
સ્તુલતા પત્ર ફળ ફુલ આપે થયા, માનવી મુર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું, તેહને તે સમે તેજ પોહેચે. જે. ૪
વ્યર્થ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પુજે;
મન ક્રમ વચનથી આપ આની લહે, સત્ય તે એજ મન એમ સુજે. જે. ૫
સુખ સંસારી મિથ્યા કરી માનજે, કૃસ્ન વિના બીજુ સર્વ કાચુ;
જુગલ કરજોડી કરી નરસઇયો એમ કહે, જન્મ પ્રતિ જન્મ હરિનેજ જાચું જે. ૬

ઇશ્વરના સ્વરૂપ વિશે.

પદ ૧૮ મું.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી, શુન્યમાં શબ્દ થઇ વેદ વાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્વ તું, શન્યમાં શબ્દ થઇ વેદ વાશે. અખિલ. ૧
પવન તું પાણિ તુ ભુમિ તું ભુધરા, વૃક્ષ થઇ ફુલી રહયો આકાસે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવથકી જીવ થયો એજ આસે. અ. ૨
વેદ તો એમ વદે સ્મૃતિ સાખ દે, કનક કુંડલ વિસે ભેદ ન્હોય;
ઘાટ ઘડયા પછી નામ રૂપ જુજવાં, અન્તે તો હેમનું હેમ હોય. અખિલ. ૩
વૃક્ષમાં બીજ તું બીજમા વૃક્ષ તું, જોઉ પરતતરો એજ પાસે;
ભણે નરસયો એ મનતણી શોધના, પ્રીત કરૂ પ્રેમથી પ્રગટ થાશે. અખિલ. ૪

આત્મજ્ઞાન વિષે

પદ ૩૭ મું.

જ્યાં લગી આતમા તત્વ ચેત્યો નહી, ત્યાં લગી સાધના સર્વ જુઠી;
મનુષ દેહ તાહરો, એમ એળે ગયો, માવઠાની જે વૃષ્ટી જુઠી. જ્યાં લગી. ૧
શું થયું સ્નાન સેવાને પુજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શુ થયું લાલ લોચન કીધે જ્યાં. ૨
શું થયું તપને તીરથ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે;

સુ થયું તીલકને તુળસી ધરયા થકી, શુ થયુ ગંગાજળ પાન પીધે. જ્યાં. ૩
સુ થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયુ રાગને રંગ જાણે;
સુ થયું ખટદરશન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે જ્યાં લગી. ૪
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમા રામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈયો કે તત્વ દરશન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો. જ્યાં. ૫

પદ ૩૮ મું.

અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા, વૈષ્ણવ પદકેરાં બિરદ ઝાલે;
સુરવચ્ચે પુત્રવિના જેવું પારણું, વરવિના જેવી જાન માલે. અલ્યા નામ ૧
વ્યાધીની વેદના વિધ્યની ના ટળે, ઠાલો ગગનમાં મેઘ ગાજે;
હરિને જાણ્યાવિના હરિકેરો જન થયો, વાત પકવાનથી ભુખ ન ભાજે, ૨
તું એમ જાણજે હરિજન હું થયો, વિષ્ણુપદ ગાઇ થયો ભક્ત ભવમાં;
કરણી તો કાગની હોડ કરે હંસની, હંસને તો હંસી કહારે લવમાં. અલ્યા ૩
પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહિ, ફોગટ બ્રહ્મમાં દુર ભાળે;
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટભાવે કરી માળ ઝાલે. અલ્યા નામ. ૪
જે નિરાકારમાં જેહનું મન ગળે, ભિન્ન સંસારની ભ્રાંતી ભાગે;
દાસ નરસઇયો તેને ચરણે નમે, જ્ઞાન વિજ્ઞાનની જોત જાગે. અલ્યા નામ. ૫

હારમાળાનાં પ્રભાતીયાં.

પદ ૩૯ મું.

તું શાનો ઠાકોર હું શાનો સેવક, મારા કરમના લેખ ભુંસ્યા ન જાયે;
મંડળિક હારને ફેરેફેરે પરભવે, છબીલાજી હાવે કેમ થાયે. તું શાનો. ૧
મુને કો કહે લંપટી કો કહે લોભીયો, કો કહે તાલ કુટીયોરે ખોટો.
સાર કર શ્રી હરી, દીન જાણી કરી, હાર આપે તો કહુ નાથ મોટો તું. ૨
ભોજાઇએ મુજને અતિશે વગોવીયો, ઉષ્ણોદક મુકી ઉપહાસ્ય કીધું;
દ્વાદશ મેઘ ત્યાં મેકલ્યા શ્રી હરી, આપના દાસને સાન કીધું. તું શાનો ૩
જાહરે મુજને મહાદેવે કીરપા કરી, ત્યારે મેં લક્ષ્મીનાથ ગાયો;
મુમેરા ફેળાતો લાજ જાતી હતી, ગરુડ મુકીને તું ચરણ ધાયો. તું શાનો. ૪
મારે બેઉ પાસે સુંદરી બાંહ્ય કંઠે ધરી, કેશવ કીરતન એમ થાયે;
અણુલીયા લોક તે અસત્ય વાણી વદે, પુણ્યવંત લોક તે પ્રેમે ગાયે. તું; ૫
હીરની દોરીયે હાર ગુંથાય છે, વાણું વાશે તો નીજદાસ મરશે;
દયા કરીને હરિ હાર આલો અને, સામળા સહાય તે કુણ કરશે. તું શાનો. ૬
સોરઠામાં મુને સર્વ સાચો કહે, પુત્રીનુ મોસાળુ સફર કીધું;
નાગરી નાતમાં ઇંડુ ચડાવીયું, નરસૈયાને અભેદાન દીધું. તું શાનો. ૭

પદ ૪૦ મું.

જાગ ગોવાળ જાગજે રાજ દામોદરા, ઊઠ જદુનાથ દેવાધિ દેવા;
રાય મંડળિક મદ ભર્યો એમ ઓચરે, નરસૈયા નાગરની સાચી સેવા. જાગ ૧
ભક્ત પાળક દયાળ દામોદરા, દાસ નરસૈને શરણે રાખો;
આજ જો મુજને પુરણ તારશો, નાગર સાથે હરિ મહ દાખો. જાગજો ૨

નિશદિન નરહરિ નામ રૂદિએ વસો, પતિત પાવન તારૂં બરદ કહાવો;
ગ્રાહ થકી તમે ગજ મુકાવિયો, તેમ નરસૈયા નાગરને મુકાવો. શામળા. ૩

પદ ૪૧ મું.

શ્રીકૃષ્ણ કૃપાનીધી કેસવા શ્રીહરી; હું અનાથ તું નાથ કહિયે;
મંડળિક હારને પેરેપેરે પરભવે, છબિલા વીના શર્ણ કોને જઇએ. શ્રી કૃષ્ણ ૧
સંસાર પરહિર નામ તારૂ જપુ, તો પ્રભુ કાં પેરે પેરે પીડે,
અતરગત અવીલોકન શામળા, તુજ વિના રૂદિયાસુ કોણ ભીડે. શ્રી કૃષ્ણ ૨
માહરા મનમાં દુરખ પુરણ છે, તો મહારૂ દુખ પ્રભુ શે ન જાણે;
ભણે નરસઇયો પુરણ પતિજ માહરે, મંડળીક મુજને મારે વાણે. શ્રી કૃષ્ણ ૩

પદ ૪૨ મું.

સાર કરી શ્રીહરિ દિન જાણિ કરિ, સન્મુખ થઈને તું જોને આજ;
અમો નાગર જાહેર હઠ કરિ બોલશું, નહીંરાખુ ત્રીકમા તોરી લાજ. સાર ૧
ગોકુળ માંહિ તુ ગાળો ખાતો ફરે, નવનીત આહિરના લેતો ચોરી;
મદન ચોરશુ મુખ નથી બોલતો, અમો લાજ રાખુજ તોરી. સાર કર ૨
અલ્યા બહુ પેરે ગોપીને લાડ લડાવીયાં, અન્ન આહિરનાં લેતો ચાખી;
નટવાપણું રંગ ભોગ લીલા કરે, તે નાગર નરસઇયો રહયો છે સાખી. સાર ૩

પદ ૪૩ મું.

મોગરડે શું મોહી રહયો શામળા હાર આપે તો તારી ખ્યાત વાધે;
નાગર તાહરૂ નામ ગાતો હતો ત્રીકમ, તુને નહિ આરાધે. મોગરડે. ૧
સરવ જાતી તણા લોક ટોળે મળ્યા, જેની સહાય કરશો તેની થાસે;
મૃત્યુના ભયે નરસઇયો બિહતો નથી, તાહરો જશ જગદીશ જાશે. મોગરડે
રજનિ સઉ વહિ ગઇ લાજ રાખી નહિ, જોત ઝાંખિથઇ જાય દિવા;
કેશવા કંઠથી માળ અળગી કરો, પ્રેમે આરોપો નરસઇંને ગ્રીવા. મોગરડે. ૩

પદ ૪૪ મું.

હારને કાજે શું હઠ કરે શામળા, જાચવાને તોરી પાસ આવ્યો;
રાધીકા સંગ તું વાત બેઠો કરે, શું વઇકુંઠથી તું રે લાવ્યો. હારને કાજે ૧
તારૂં નામ વિશ્વંભર ધરયું તે વરાંસિયે, નંદના છોકરા તું છાશ પીતો;
ઓઢતો કામળી હાથમાં લાકડી, ગાવડી ચાર તો વન રહેતો. ૨
મારે તો મા તું ભરાત તું બુધરા, તુજવિના દુખ તે કોને કહીયે;
ભણે નરસઇયો તારા ગુણ ગાઇ જીવીયે, એકલા ભુતળમાં કેમ રહીયે. હારને ૩

પદ ૪૫ મું.

હારને કાજે શું વિલંબ કરવો ઘણો ન હોય કૌસ્તુભ વિદ્રુમ માળા;
ઉજળાં પુષ્પ ને સુત્રનો તાંતણો, તેણુ શું મોહી રહયો નંદલાલા. હારને. ૧
ઉચને મુકી નીચને અનુસર્યો, જોઈ નહી જાદવા જાત દાસી;
રાજાની દીકરી રૂકમણી પરહરી, કુબજાને મંદીર થયો નિવાસી. હારને. ૨
રજની આજ રહી લાજ તારી ગઇ, જોત ઝાંખી થઇ જાય દીવા;
કેશવા કંઠથી માળ અળગી કરો, પ્રેમે આરોપો નરસઇંને ગ્રીવા. હારને. ૩
આપ્યને હાર સુત નંદ વસુદેવના, આપ ને આપણી તારે લાજ રાડી;

કંસના ભયથકી નાશી ગોકુળ ગયો, રહયો આહીર શું પ્રીત જોડી. આ. ૧
તારી ગરજ માટે માબાપ તેં બે કર્યા, સુરને અસુર મુનિ સર્વ જોતાં;
કંસનો વધ કર્યો કારજ તારો સર્યો, માબાપ મેહેલ્યાં તેં વ્રિજ રોતાં. આ. ૨
ભક્તિ કરતાં તું આહીરનો નવ થયો, તો મુને હાર કેમ આપે;
ભણે નરસઇયો રજનીરે થોડી રહી, આલ્ય તસ્કર મુને શું સંતાપે. આ. ૩

પદ ૪૭ મું.

ઉઠને શામળા મુકી મનના આંબળા, બોલ્ય નહિ શું જ અભિમાન માટે;
આલ્યને હાર કાં પ્રગટ હવડાં કરૂં. તે કામ કીધું વશીવટ માટે. ઉઠને. ૧
અણુવરી નાર તેં ભોગવી સુંદરા, પરણતાં પ્રથ શું બેસે તારે;
હારને વાર થઇ ભાર ભાગી ગયો, શું કહું નાથજી વારે વારે. ઉઠને ૨
કળીજુગ માંહી પ્રતિત મઈ લાખેણી, વૈષ્ણવની વારે કોણ થાશે,
ભણે નરસઇયો હું આજ હળવો પડયો, તાહરા ગુણ હવે કોણ ગાશે. ઉઠને. ૩

પદ ૪૮ મું.

તને રોકી રહિ રધિકા રંગ જામ્યો ઘણો, રશીયા રજની રહી થોડી;
નંદના નંદ તું શાને આળસ કરે, નાગરા સાથે તેં પ્રીત તોડી તને રોકી. ૧
દેવને પાળીને કામ પરજાળીને. ઈશપદ પામ્યો ઉમીયા સ્વામી;
શામળા તુજને લોક લંપટ કહે. થયો વ્યભિચાર કાનુડો કામી તને રોકી ૨
હઠ કરે તમ શું હઠ કરે શામળા, ત્રુટશે સ્નેહી ત્રિકમ તાણે,
ભણે નરસયો જો જામની વહી ગઇ, મંડળિક મારશે મુજને વાણે. તને. ૩

પદ ૪૯ મું.

ઉઠરે અટપટા નથી બોલતો ચટપટા, લંપટા લાજ તારી કે જાશે;
વ્રજપતી રંગમાં કેલ ખટા કરે, તુજ વિના વારે તે કુણ થાશે. ઉઠરે. ૧
ભક્ત વત્સલ કહાવે તે ફોગટ ગયુ, લાજ સેવકની તુજ હાથે.
ઉઠ તું ચરવટી શું બેઠો હુરબડી, વાત ધાડી પડી તુજ સાથે; ઉઠરે. ૨
જીવ મારો જગમગે અંગ મારૂં ડગમગે, ડગમગે નેત્ર જોવાને રૂપ;
નરસૈંયો લગમગે લોક સઉ જગમગે, કોપીયો મંડળીક દુષ્ટ ભુપ. ઉઠરે ૩

પદ ૫૦ મું.

નવ મેલે શામળા આવડા શા આંબળા, મામલા ઘણા મનમાં કેમ રાખે;
કોટી બ્રહ્માંડપતિ ઝાઝું શું કહું કથી, વાલા વિસારી મને કેમ નાંખે. નવ. ૧
ગજને ઉગારીયો ગ્રાહને મારીયો, મારિયો રાવણ લંકા ભુપ;
રંક તું હારિયો કોણે તું તારિયો, નારિયો મોહિ રહ્યું નીજ રૂપ. ૨
સુકરે મરકટા જોઈ તારી છટા, અટકે અંગ સુકાશે વાલા;
નરસઈયો વિનવે પ્રીછયે શામળા, નઠોર ન થઇએ નંદલાલા. નવ. ૩

પદ ૫૧ મું.

પરમેશ્વર કાનુડા તારૂં મન મોહરા ભમે, જાણે નાગર કંઈ દાન આપે;
અલ્યા નામ લક્ષ્મીવરા કરો [illegible], રંકને લોભીયા શું સંતાપે. પર. ૧
તાંદુલ લઇ ભીખ વિપ્રને [illegible] ભુવન કીધું [illegible]

મ્હારે તો દાન તું જ્ઞાન તું ભુદરા, નિત્ય પ્રત્યે તારા ચરણ નિરખું. ખરે, ૨
મન મોહું કરો હાર કંઠે ધરો, હરખીને વહેલા મંડપ આવો;
ભણે નરસૈયો રજનીરે થોડી રહી, દુષ્ટ બંધન થકી સુજને મુકાવો. ખરે. ૩

પદ ૫૨ મું

સદા તું દયાળ હું દીન દામોદરા, હે દીનાનાથ જોને વિચારી;
ચરણને શરણ આવ્યો કૃપાનાથ હું, કરો સંભાળ ગોપાળ મારી. સદા. ૧
દેવના દેવ સુણ દેવકી બાળકા, વિશ્વ પાલક એવુ બરદ તારે;
એવું જાવી વરે તેમ કરો વિક્રમા, અવર કો અધીપતી નહિ મારે. સદા. ૨
જો મારા કરમને ભાલ વિશ ભુદરા, તો પતીત પાવન તારૂ નામ જાશે;
છાંડતા તો નથી છુટવું શામળા, છાંડતાં તો ઉપહાસ થાશે સદા. ૩
દુષ્ટ ભાવે તેં હણિ પુતના, જમદુતના પથથી તે નિવારી;
ચમકી નાર કીરતન કરી ઉધરી, તુ વિના શરણ કુણ કરે મોરારી. સદા. ૪
તારા નામથી દરૂપતીને અંમર પુરીયાં, દરૂપદ પામિયો અચળ આગે;
તેમ તારા નામનો નરસૈયો જપ કરે, રાખ્ય શરણે તુને લાજ લાગે. સદા. ૫

પદ ૫૩ મું.

દેવા ભક્તનો દશ તું વિષ્ણુ કહાવે સદા, માંગવાનુ દાન તુને કેમ ભાવે;
વિપ્ર સુદામાને નવનિધિ આપી તેં, માહારી આગળ કેમ નાવે. દેવા. ૧
હવડાં કૃપણ થયો જાણતો સેં નથી, સદા સેવક જન પ્રતિરે પાલ;
નાશીને ખુણે જઇ પેઠો શું શ્રીહરી, કાલય વનનો આવ્યો કાલ. દેવા. ૨
શીશુપાલ જરાસધ કંશ નરકાસુર, તેહ તણાં બધા માન મોડયા;
પુતના અગાસુર કેશી બકા સુરૂ, વર ભાવે તેના બંધ છોડયા. દેવા. ૩
ભક્તિ ભાવે જેણે તુજને ઉપાસીયો, ગર્ભવાશ તે ન આવેરે બળનો;
ભણે નરસૈયો હું ભાવથી વરણવુ, રખે તિકમ મુને રાખે ટળતો. દેવા, ૪

પદ ૫૪ મું.

કેટલા એક સખિ વાત એવી કરે, દુષ્ટ બોલે મુખ વચન વાણી;
કામન મોહન કાંઈ એક એકને, મત્ર બળે એંણુ આણ્યું પાણી. કેટલા. ૧
મત્ર જત્રની વાત જાણું નહીં, કેવળ કૃષ્ણ મેં રૂદીયે ભાંખ્યો;
પ્રહ્લાદ કારણ સ્થંભમાં પ્રગટીયા, બાળક ધરૂવને અવિચળ રાખ્યો. કેટલા. ૨
ચાર પદારથ સુદામાને આપીયાં, તીમર ફેડી ત્રીલોચન કીધો;
અમરિષ રાજા ઉગારીયો શાપથી, ચક્ર ધરીને હરિ શરણ લીધો, કેટલા ૩
વેવાઈયે મન વિચાર એવો કરી, મામેરાની ટીપ આપી માંડી;
ત્રણ સહસ્ર સાડલા ત્રણ સહસ્ર કાંપડાં, ત્રણ સહસ્ર ચુંદડી ચીર સાડી. કેટલા ૪
ત્રણ સહસ્ર ચોળી કસબ કિનખાબની, રંગ જુદા ને શોભિત તાજા;
સારૂ આણ્યા બેઉ ખટ સહસ્ર મલી, નહી નુકશાન કંઈ સાજા. કેટલા. ૫
તેણે સમયે વેવાઇએ એવું કહ્યું, તમ પુત્રીની સહુએ ઠઠ માંડી;
સહસ્ર બે ચાર રૂપીયા લે ઉછીના, નહિકર રાતમાં જાય છાંડી; કેટલા. ૬
દીકરીનું લે છે સો કુળિ પાપે પડે, હોંશે હળાહળ કોણ ખાય;
લક્ષ્મીનો નાથ લજ્જા મારી રાખશે, મામેરૂ કર્યા વિના નહીંરે જાય. કેટલા ૭

તે વેળા નાથજી લક્ષ્મીજી લેઇને, માને પ્રભુજી મહાની લાજ રાખી;
નરસૈયો વીનવે હાર આપો હરી, દાસનાં દુઃખ કેમ રહો છો સાંખી.કેટલા ૪

પદ ૫૫ મું.

કોણ આગળ જઇ વીનવું વીઠલા, શ્રીપતી લાજ રાખોને મહારી;
દ્રૂપતી લાજને કાજ આવ્યા હરી, દુઃખ પામી નહી દાસી તારી. કોણ. ૧
પ્રગટ થાઓ પ્રભુ ભુતળ ભુદરા, નરસૈના નાથ એવું બરદ કહાવો;
સેવકનું સંકટ ટાળીયે ચોકમા, તો તમે કાનજી ભલારે ભાવો. કોણ. ૨
લોક દેખે સહુ દુઃખ દેઇ ઘણું, મંડળીક મદ ભરયો મુઢ પાપી;
નરસૈયાના સ્વામી જેમ ઘટે તેમ કરો લાજ રાખી નાખો અઘ કાપી કોણ. ૪

પદ ૫૬ મું.

અવસે સુનો થયો શામળા શ્રીહરી, લક્ષ્મીનાથ શું નિંદ્રા આવી;
બિરદ માટુ ધરયું પતિત પાવન તણું શરણ આવે તેની બાંહ્ય સાહી. અવસે ૧
કૃષ્ણના દુઃખથી રાખ્યા રમા પતિ, તમ વિના મહારે નહીં અવર સ્વામી;
દુરિજન લોકને આનંદ થયો, અવર કોને કહુ શીશ નામી અવસે ૨
કુળની માળ તે આધક તુજને વશી, વીસરયા નાથ શું મન તારે;
નરસઇયાના સ્વામી વિલંબ ન કીજીયે, હાર આરોપિયે કંઠ મહારે. અવસે ૪

પદ ૫૭ મું

દયા આણયા દામોદરા દાસની તુરે મારો મર્મ વિશ્વ જાણે;
પ્રગટ થયુ નામ ને તું થકી શામળા, વીઠલા વિનતી મન આણે. દયા. ૧
મારે મંત્ર તુ જંત્ર તું ધ્યાન ધરણીધર, મિત્ર મોહન વીના નહીરે બીજો;
હાર આપ્યા વિના લાજ કહો કેમ રહે, દિન દેખી પ્રભુ સેન રીઝો દયા. ૨
સાર કીધા વિના નેટ નથી મુકવું, જો તારા ચરણની આશ આપી;
નરસૈયાના સ્વામી મન માગી કહું, દેહ દામોદરા તુજને સોંપી. દયા. ૪

પદ ૫૮ મું.

પરણીને પારકે હાથ શું આપવ્યા, લાજ નાવેરે કંથ કમ તુજને,
કોટી અબજ અપરાધ ક્ષમા કરી, મેહેર કરી રામ રાખો મુજને પરણીને ૧
દાસને દાસીના દુઃખડાં કાપવા, ધાઇને આવો છો એક સ્વાસે;
આજ અલબેલડા અરજ સુણતા નથી મુકો નથીજીભીલાજી નાસે. પરણીને ૨
જેવી તેવી દાસીની લાજ તો નાથને, પ્રીતમજી કેમ પ્રિત તોડો;
પ્રાણ જાશે તોય અવરને નહિ ભજુ, હઠિલા ના કહુ છુ બે હાથ જોડી પરણીને
સોળ સહસ્ત્ર એકસોઆઠ સ્ત્રી તાહરે, તેમાં એક અધિક હું દાસિ તારી;
નરસૈયાના સ્વામી શું કહું તુજને, હાર આપી સાર કરને મહારી પરણીને ૪

પદ ૫૯ મું.

વિશ્વ પાળક કહું વિનતી વિઠલા, તુજ વિના દુઃખ કોણ જાણે;
વલવલતાં જશે આ જામની, નિદ્રા નિદ્રાશુ તજશો વહાણે વિશ્વ ૧
રોકશો શું રાધિકા કહ્યું જેનું કરો, મુજપર દયા હરિ શે ન આણો;
આવડી હઠ પ્રભુ નવ ઘટે તુજને, તુટશે સ્નેહ વિક્રમ તણું. વિશ્વપાલક. ૨
આ અવસર નહિ આવ્યો શામળા, તો તારી કિરતી કોણ વખાણે;
હાર નહિ આપો તો નરસૈને મારશે, રાક લીધી મંડળીક રાણે. વિશ્વપાલક. ૪

પદ ૬૦ મું.

નંદના નંદન વારે લાગે ઘણી, દાસજન શું હસાવો,
કોટી બ્રહ્માંડમાં ન્યુન નહીં તાહરે, લક્ષ્મીવર તુને લાજ કેમ આવે. નંદના ૧
પૂરણ બ્રહ્મ માન માગી કરી, કઠણ ક્યાં થઇ રહ્યો કૃષ્ણ કામી;
કૃપા ભાવે ભજ્યા તોય તુજને હરી, સાર સંભાળ કર જગત સ્વામી ન. ૨
કોણ વેળા થઇ હાર આપે નહીં, સાંભળ શામળા વાત મારી,
નરસૈયાના સ્વામી માહરે દુઃખ નથી, મારતાં લાજ જાશેજ તારી નંદના. ૩

પદ ૬૧ મું

પ્રથમ પ્રીત માંડી હવે શું રહ્યા શામળા, ન્યુન તારે હરિ શી છે આજે;
કંઠમાં કુસુમની માળ તું આપી રહ્યો, તે કોડા કૃષ્ણજી શાને કાજે. પ્રથમ. ૧
સાચી ભક્તિ કરું લોક જુઠા કહે. કેમ તરત કાનજી નાસી જાઓ;
નાથજી તું જરા મંડળીક મદ ચડ્યો, વારે વિઠ્ઠલજી વેગ ધાઓ પ્રથમ. ૨
મેંત આવ્યા હવે પુષ્પના હારની, વાર લાગે ઘણી વિશ્વનાથ;
નરસૈયાના સ્વામી આશા તાણી ઘણી, મુકો નહીં હરી ગ્રહ્યો હાથ. પ્ર ૩

પદ ૬૨ મું.

હાર મુકુન્દના આજ વહાલા થયા, રાણી રૂદમાં શ્યારે, સાંસા;
હાર આપો દીન હું શામળા, લાજ લક્ષ્મીવર વીમાસો હાર. ૧
મંડળીક ઉપર કૃપા કીધી ઘણી, દાસપરથી દયા તેં ઉતારી;
સંકટના સાથી વહિ તજવાણ શામળા, દિનાનાથ મુકોને વિચારી હાર ૨
ભક્ત વત્સલ એવું બીરૂદ છે તાહરૂં, હું રે વળગી રહ્યો તેની આશે;
પતિત પાવન હરિ નામ છે તાહરૂં, વિપત પડે હવે શું વિમાસો. હાર ૩
વાત નહિ વીકળા તમ તણા તો હતી, પીડ મારું પાપે;
ભણે નરસૈંયો મુંને મંડળીક મારશે, જીવતો રહું જો હરિ હાર આપે હા ૪

પદ ૬૩ મું.

હાર હૈયા વચ્ચે શું રે રાખી રહ્યા, કૃપણ થયા રે તું કૃષ્ણ કાળા;
ઘડિક વારતા પડ્યાં પ્રભુ તાહેરા, રૂડું ગમે તે કરો નંદલાલ. હાર ૧
તાહરા બળ તણી હિંમત માહરે, તું રે આપીશ ને મારે લેવો.
તાહરા મનમાં વાત કેવી હશે, દાસનો દાસ છું જેવો તેવો. હાર ૨
મરણથી માવજી હું તો ડરતો નથી, નટ નિશ્ચય આ દેહ પડશે;
હાર આપ્યા વિના મંડળીક મારશે, તે અપજશ તારે શીર ચડશે. હાર ૩
કેટલી વેળા થઇ કરગરૂં કૃષ્ણજી, શું કહું શામળા વારે વારે;
નરસૈયાના સ્વામી આવો ઉતાવળા, તુજવિના ભક્તને કોણ ઉગારે હાર ૪

પદ ૬૪ મું

હું જાચક તું દાતાર દામોદરા, મહારે મન બિરૂદ સાચું;
આપે ન આપે તોય તું ધણી વિક્રમા, તુજ વિન બીજા કોને ન જાચું. હું ૧
ભક્ત સુદામાની સાર કીધી શામળા, નવનિધી આપી કરૂણા મુરારી;
ચતુરભુજ તે ચંદ્રહાસ ઉગારીઓ, કિરતી ગાય છે જગત સારી. હું ૨
શુક આણીક જેમ સંક નથી લાવિયા, અરજુન પ્રતિજ્ઞા પાળી;

બ્રાહ્મણના દશ પુત્ર હરયા હુતા, વઇકુંઠનાથ તું લાગ્યો વાળી. હું ૩
એવાં ઘણાં વળી બીરદ છે તાહરાં, આહરૂ દુખ હરિ કહું તુજને;
હાર નહિ આપોતો મંડળિક મારશે, નરસેયો કહે હરી રાખ્ય મુજને. હું ૪

પદ ૬૫ મુ.

વાર થઇ વીઠલા વેગે વારે ચડો, નાગરી નાતમાં હાંસી થાયે;
ભક્ત ઉદ્ધારીયા અનેક આગે હરી, તમ વિના કાનજી કોને કહેવાયે. વાર. ૧
દ્રૂપતિ કાજ વેગે બશી આવીયા, પુરિયાં ચિર અનેક ભાતે;
રાખિયે લાજ કરો કાજ હરી અમતણું, વિલંબ ન કીજે એજ વાતે વાર. ૨
જાગ્ય તું જદુ પતિ સહાય શ્રવણે સુણી, પ્રગટ થઈ માન દીધું;
છાબ છાયલ ને ચીર બહુ નવનવા, પુરયાં પિતાંપર કાજ સીધ્યું. વાર. ૩
જય હરી જય હરી હાર આપો મુને, કેશવા કીરતી રહે જગમાં સાચી;
નરસઇયો નમી કહે વાલા તુજને, જન્મો જન્મ તારી ભક્તી સાચી. વાર ૪

પદ ૬૫ મું.

રાગ મેગ મલ્હાર અથવા રામગ્રી રાગના પ્રભાતમાં પણ ગણાય છે

જીરે ચોદશ જોઉં તારી વાટડી, મારો નાથ ન આવે;
મંડળિક ખડગ કાડી રહયો, મુને કુણ મુકાવે. ચોદશ જોઉ તારી વાટડી. ૧
હઠીલાજી હઠ મુકીએ, હાર આપી મુજને;
મારયા પછી મારા નાજી, લાજ લાગશે તુજને. ચોદશ જોઉ તારી વાટડી ૨
જીરે ગજ કારણ ગરૂડ છાડીયો, અણુ એર ઉજાણા;
નરસઇયાને હાર આપતાં, આવડું શું રે રીસાણા. ચોદશ જોઉ તારી વાટડી. ૩
જીરે વામન રૂપે બળિ છળ્યો, ધરા ત્રણ પદ કીધી;
ઇંદ્રનું ઇંદ્રિશત રાખવી, સીધ બળનેરે દીધી. ચોદશ જોઉ તારી વાટડી. ૪
જીરે મોસાળુ કીધું ભલું, અંથ ગાંઠેરે ન્હોતો;
લક્ષમીજી લેઇ પધારીયા, મુને કીધો સમોતો ચોદસ જોઉ તારી વાટડી. ૫
રામાસું રંગે રમો, પ્રભુ મુજને વિસારી;
છબિલાજી તમ કનેથી, હાર આપો ઉતારી. ચોદસ જોઉ તારી વાટડી ૬
નરસઇયો વિનતી બિનવે, રાય દામોદર સુજાણ;
તમે હઠે નથી બોલતા, મંડળિક અજાણ. ચોદશ જોઉ તારી વાટડી. ૭

પદ ૬૭ મુ.

વિવિધ વિચારી પ્રીતડી, જોને સારંગ રાતો;
હાર નહિ આપો તો મારશે, મંડળિક મદમાતો વિવિધ. ૧
કામી થયો તું કેશવા, મુને પરભવે પાપી;
લોભિ થયો લક્ષમિવરા, પુતના તે સંતાપી. વિવિધ ૨
માહારી વારે ચડોને વીઠલા, નહિતો બીદ તુજ જાશે;
નરસેયાને મંડળિક મારશે, તારા ગુણ કુણ ગાશે. વિાવધિ. ૩

પદ ૬૮ મું–રાગ દેશી ફેર પ્રભાત.

મહા હઠીલો મુખથી ન બોલે, જુડડો છે જદુનાથરે,
ઉતારો ધરણીધર જાણ્યો, અટક્યો નું મુકે બાતરે. મહા હઠીલો ૧

ગોકુળમાં તું થયો ગોવાળો નવનીત કેરો ચોરરે;
ભલી ભગત સવરીનાં એણે, જુઠાં પ્રાશયાં બોરરે. મહા હઠીલો. ૨
પરાધિન થઈ પેટજ ભરતો, લેતો ગુજરીના દાનરે;
નરસઇયા સાથે હારને કાજે, આવડું શું અભિમાનરે, મહા હઠીલો. ૩

પદ ૬૯ મું.

મહા હઠીલો મુંખથી ન બોલે, શામળો મહા કુજાતરે,
ધુતારો ધરણુધર જાણ્યો, આહિર જાત તર જાતરે. મહા હઠીલો ૪
ચંચળ લંપટ ચાડી ખાતો, સઘળે કરતો સોરરે;
ગોકુળમાં ગિરધારી રહેતો, નવનિત કેરો ચોરરે, મહા હઠીલો, ૫
તું ગુજરધનાઈને ઘેરે જાતો, ત્યાં તું ટાહાડા ઠુમરો ખાતો;
ધનાઇ બાંવતી ધાડો તાણી, ત્યાં હું મેલાવતો સારંગ પાણી મહા હઠીલો, ૬
તે વેળા સભારો વાહાલા, દયા મનમાં આણોરે;
મહારાજા મોંઘા નવ થઇએ, મને પોતાનો કરી જાણો રે, મહા હઠીલો ૪
મારે રૂડે તારૂ રૂડુ, મ્હારે ભુડે તારૂ ભુંડરે;
મારિ પત્ય જાતાં પત્ય જાશે, ત્યારે ગોકુળમાં કેમ રહેવાશેરે. મહા હઠીલો ૫
લોકો સહુ વરવાં બોલે છે, ઢાંક મારાં કે ઉઘાડું તારાં;
નગર બરડક બોલા કહીયે, તે તમો નવ આણો હઇયે, મહા હઠીલો ૬
ભખુભાણુ સુતાએ પકડી રાખ્યો, તુજવણુ કુણુ કરે સહાયરે;
નરસઇયાને હાર નહિ આપે ત્યારે, તે વિના જશ કુણ ગાયરે. મહા હઠીલો ૭

પદ ૭૦ મું. રાગ મેવાડો,

નરસઇમેહેતો પોતાની પુત્રી કુંવરબાઇને કહે છે.

સાસરે પધારો રે મ્હારી કુંવરીરે, વિપ્રિત વેહના રે વિશાર;
પીયર તમારૂ ર પુત્રી ઢુકડું રે, છે શ્રી ગોકુળમાં પરિવાર. સાસરે ૧
હરીગુણ ગાતાં રે ઘડપણ ગાળજો રે, સતસંગે કરજો વળી સુ વિચાર;
રૂદન ન કરશો રે રૂદિયાં ફાટતે રે, નથી કોઈ આંસુનું લોનાર. સાસરે. ૨
મારે તો નિરધનને પેટ તું પડીરે. કાંઈ ન પામી તું તો સુખ;
નિઠોર છે નાત્ય રે નાટ નાગર તણીતે, ઠામ ઠામ દીધાં છે બહુ દુખ. સાસરે ૩
એમ ન કીજે રે મારા તાતજી રે, રાખો શ્રી નાથજી શું નેહ;
સાર ઘણી કીધીરે એણે શામળે રે, તે આજે કેમ દેશે છબીલાજી છેહ. સાસરે ૪
જેણેને મામેરૂ રે હરીયે પેહેલાં કરયુરે, સખી દુષ્ટ સભામાં વળી લાજ;
હુડીને સીકારી ર હઇયે હેત શુરે, તે હાર આપશે શ્રી મહારાજ. સાસરે ૫
સાસરીયે જઇનેરે હવે હુ કરૂરે, જ્યા રૂઠડા સારંગ પ્રાણ.
તમને જ્યારે રે મડળીક મારશેરે, ત્યારે અમે તજશું અમારારે પ્રાણ સાસરે ૬

પદ ૭૧ મું. માનબાઈ કહે છે.

આધાર તે હુતો હરી મુનેરે તાહરોરે, અમો અબળા દુરબળ નાર;
પ્રિતકરીને હુતી રે પેલા ભગતણી રે, તે ત્રીકમજીમેલી કેમ રે વીસાર આધા ૧
પરકુળ પ્રમદાના રે પ્રીતે પુરીયાં સખી દુષ્ટ સભામાં વળી લાજ;
દીન જાણીનેરે અમને કયાં કરોરે, મેહેતાજીને મુકાવોને મહારાજ. આધા ૨

ગ્રાહને થકી રે ગજ મુકાવીયારે, વારે તમે ધાયા આડ વાહ્યું થયું
દાસનાં દોહ્યલા તમે સહી નાવશકો રે, શું ગુનાહ અમારો શયું. આધા ૩
સોરઠને સઘળુ હરજીરે હસાવિયુંરે, હારને ઘણી લાગી વાર;
હળવાંને પડયાંરે સહુ હરખે ભરયાંરે, વારૂ નહી કીધું નંદ કુમાર. આધા ૪
ગુણલા સાંભળીનેરે પ્રભુસહિનવશકો, એકલા શા કરશો વિસ.સ;
દિન જાણીનેર આમને દયા કરોરે, પુરો અમ આશા કેરી આશ, આધા ૫
વિનતિ અમારીરે સ્વામી તમે સાંભળોરે, કહીજી તમે ભક્ત વત્સલ ભગવાન;
કરજોડીનેરે કરછે વિનતિરે, માનબાઇ માગે છે ર ગાન. આધારે ૬

પદ ૭૨ મું રતનબાઈ કહે છે.

દામોદર દિનનેરે દરશન દિજીયેરે, વાલા તારો મોહનાજી હુવાસ;
જનમોજનમનારે દાસ તમારરેરે, શામળિયાજી દિજે અમ હુ રહાય.દામોદર ૧
નરસૈયાનેરે મંડળિક મારશેર, તમો પોહોંચ્યા રાધાજીને ઘર;
ગોપિઓની સાથે પ્રભુજી રંગે રમોના, સ્વામિ તમ સેવકનિ લિયો ખેર.દામોદર ૨
ગોપીઓના ખાંધાર પ્રભુજી પધાર જોરે, આવોજી નજરે રાસ વિલાસ;
ગોપીઓને માથાર લેતા આવજોન, પુરો અમ આશાકેરી આશ. દામોદર ૩
બ્રમાંડ તો ભટકિરે અમે ભુલાં પડયાંરે, પામ્યાં શ્રી ગોકુળનાં તો ઠામ;
ગોપિયા સાથેરે રમ રમ્યા રૂસાઢુરે, તેમાં નહિ સો શામળિયાજી કામ.દામોદર ૪
વૃંદાવન વનમાંર લાડ લડાવીયાંર, તેવી પ્રભુ પુરો અમારી આશ
મોહનજી વિનતિ મેરો નહિ સાંભળોરે, અમો છીએ તમારા દાસ. દામોદર ૫
દિન જાણિને અમને દયા કરોર, નરસૈયો મુકે છે રે ગામ,
કરે છે વિનતિરે રતનબાઇનીર, શામળીયાને કરજો ર સાદ. દામોદર ૬

પદ ૭૩ મું. કાનબાઈ કહે છે.

શામળિયા રે તમે આવજો, હું આજ મનાવીશ વાત
સેવકની મારા ટાકડિર લાવજોરે, હાથમાં જુગ વિંટ ગાઇ આ. શા
મહેતા કરજોરે કામનીના પુરાવે. આવિજી સખા ભક્ત મહારાજ;
મહેતાજીને મંડળિક મારશેરે, કહિ માર જાશે તમારીર લાજ શામળીયા ૨
હાર ન આપોરે જાતિ સભામાં પડશેરે તે તમને કેમ ગમ છે નાથ;
વિનતિ કરીનેરે કાન તમને કહુંર, છુટતાંલે ગાવી આડો હાથ શામળીયા ૩
ભિલડીનાં બહુ ખાધાંરે પ્રભુ તમથી ખાળિ, અમો બીજા કોની કરીએ આશ;
વૈધાતો વિનિંતર જુઓ જાદવીર. આરા નથી કોઇ શ્રી અવિનાશ શા. ૪
ત્રિલોક દરવાથી વાત વધુશે જરીરે. મિનરાજ પધારજો આવાર;
કાનબાઇ કહેછેરે માડુનજી માનજે, હરિ મારા ગોધારા આધાર. શામળિયા

પદ ૭૪ મું. પાનબાઇ કહેછે.

મારા જદુંપતિ જાદવારે, વિનતિ સુણોરે સુણોને ત્રિકમભાર;
રાખજો તમારે છું હું શામળારે. તોયે વાલા કેમ નહિ કરો વાર મારા ૧.
પ્રહ્લાદ સહુ દેખતાંરે હાર આપોગરે. બીરૂદ પાળોને પોતાનું શામ;
રાખો સેવકની કોઇ કીરતિરે, મહેતાજીની મનની પુરો હામ. મારા ૨
... શ્રીકૃષ્ણરે કૃપા કરી આવજીરે. શામળિયા ... દાસ.

તેમ મહેમાજીનીરે આશ પુરીએરે. અબળા માનુ તમારેરે પાડ. મારા ૩
જગમાં જનમીનેરે અમો ભુલાં ફરયાંરે, નિચ ભકતી કરીને પામ્યા ઠામ;
બાંહ્ય ગ્રહયાનીરે લાજ બધી નાથજીરે, પ્રિત કરી તમશુ સુંદરશ્યામ.મારા ૪
તમારે જગતમાંરે ભકતો અનેક છેરે,અમારે તો એક તમે ભગવાન;
નાનાબાઈ કહેછેરે પ્રભુજી પધારીયેરે, વહાલા હાર આપીને રાખો માન. મારા ૫

પદ ૭૫ મું રાગ મારૂ. સુરસેના સખી કહે છે.

શ્રીજી મારી વિનતિરે, તમે સાંભળો સારંગ પ્રાણીરે;
ઝુંઝટ તમને શું કહું વાલા, તમો છો ચતુર સુજાણ. શ્રીજી મારી ૭
દાસને દુઃખ છે દોહલાં, તે કેમ સહોછો મહરાજરે;
વિલંબ ન કીજે વિઠલા, હવે ગઇ સેવકની લાજ. શ્રીજી મારી૦ ૨
અમો હળવાં પડયાં દામોદરા તો, તારા ગુણ કોણ ગાયરે;
બરદ ન રાખો ભુધરા, તો અમે કેમ જીવાયરે. શ્રીજી મારી૦ ૩
સજ શે ન થાઓ શામળા, તમે ભોગળ ભાગો આજરે;
હાર આપો હરિ દાસને, જેમ જાય સંડળિકની લાજરે. શ્રીજી મારી૦ ૪
અમવિના તમે એકલા, પ્રભુ શો કરશો વિલાસરે;
પરસ્પર છે કાનજી, અમને તમારી આશરે. શ્રીજી મારી૦ ૫
ઝળહળતા છો શામસુંદરવર, અમો છું તમારી નારરે
નરવિના નારી કેમ રહે, કાંઇ કરો મન વિચારરે. શ્રીજી મારી૦ ૬
સ્વામી શે નથી જાણતા, મન ઉતારોને રોશરે;
અપરાધ અમારો ક્ષમા કરો, નામે સુરસેના શીશરે. શ્રીજી મારી૦ ૭
અમો અબળા તમને નમું, અમને કરો પસાયરે;
નરસઇયાને ઉગારો લીજે, ત્યારે હરિયા વઇકુંઠરાયરે. શ્રીજી મારી૦ ૮
સુરસેનાની વિનતી, સાંભળી દામોદર રાયરે;
આસનથી હરી ઉઠિયા, દાસને કર્યો પસાયરે. શ્રીજી મારી૦ ૯

પદ ૭૬ મું.

સુરસેનાની વિનતી જાણીરે, આસનથી ઉઠયા સારંગપાણીરે,
ઝળહળતા બ્રહ્મ તે આવેરે, સખી હરખ ધરીને વધાવેરે.
સઘળી બાઇને બિંદિ આપીરે, રિસ બળ્યા તે સઘળા પાપીરે,
નવ જાણુ નરસઇઓ વિચારરે, આવ્યાં મંડપમાં દેવ મોરારીરે સુરસેનાની૦ ૪
મુખે બોલ્યા તે શ્રી જુગદીશરે, નામ સર્વે સખીને શીશરે;
તમારી સ્તુતિ સહિ નવ જાયરે, એમ બોલ્યા તે જાદવરાયરે. સુરસેનાની૦ ૩
સર્વે સખીને દિધું આલીંગનરે, દિન વચન બોલ્યા જગજીવનરે;
સર્વે સખીને સમરપ્યા હારરે, નયણે વહેછે જળની ધારરે સુરસેનાની૦ ૪
તમે શાને કરો વિલાપરે, હાર અરપુ આપોઆપરે;
તમો વેચો તો વેચાઉંરે, કાચે તાંતણે બાંધ્યો આવુંરે. સુરસેનાની૦ ૫
બ્રહ્માદિકને વશ નહિ થાઉંરે, વેદ વિદ્યા હોએ ત્યાં ન જાઉંરે;
એવું બોલ્યા શ્રી જુગદીશરે, નામી સર્વે સખીને શીશરે. સુરસેનાની૦ ૬
જેમ મંજ ધણો અભિમાનરે, ત્યાંથી દુર સદા ભગવાનરે;

હું તો સત્ય વચનજ ભાખુંરે, હું તો લજ્જા સેવકની રાખુંરે. સુરસેનાની૦ ૭
તમે જેરે માગો તે આપુંરે, તમ વચન કદી ન ઉથાપુંરે;
તમને કહું વિસ્તારી વાતરે, મેહેતાજીની વધારૂ ખ્યાતરે. સુરસેનાની૦ ૮
માટે કહોને કેદારો ગાયરે, તે વિના નહિ હાર અપાવરે;
હું તો જઈ બેસું આસનરે, સત્ય માનજો મુજ વચનરે. સુરસેનાની૦ ૯
તમો પ્રાણથકી છો પ્યારારે, ક્ષણ એક ન મુકુ ન્યારારે;
એમ બોલ્યા દામોદર રાયરે, સહુ સખીઓને હરખ ન માયરે. સુરસેનાની૦ ૧૦

પદ ૭૭ મું રાગ આશાવરી

સખિયોરે જ્યારે હરખજ પામી, ત્યારે રિઝયા સારંગપાણીરે;
હશી હશી વચન શ્રીમુખ બોલ્યા, ધન્ય ધન્ય છે વૈષ્ણવ વાણીજી. સખિયો ૧
કુંવરબાઇ કહે કરજોડી, સાંભળો મારા તાતજી;
દામોદર રાયને ઘણો વહાલોછે, કેદારો સાક્ષાતજી. સખીયો ૨
ગીરીવરધારી ને કુંજ બીહારી, તે સાથે છે હોડજી;
દામોદરશું પ્રીત બંધાણી, છે રાગ કેદારાની જોડજી. સખીયો ૩
મેહેતાજી મન સ્થીર કરી રાખો, નહી મુકે નાથ તમારાજી;
દામોદરરાયને ઘણો વહાલો છે. તે ગાઓને રાગ કેદારાજી. સખીયો ૫
મહેતાજી કહે પુત્રી માહરી, દેવાળીયા કહેવાઇ જી
સાઠ રૂપઇએ ઘરણે મુકયો છે, માટે કોનો કેદારો ગાઇએ. સખીયો. ૫
ધરણીધર મહેતાજીને મંદીર, ખત લખીને આપ્યુંજી;
તે રૂપઇયા આપ્યા વિના, જો ગાઉં તો જીભ કાપુંજી. સખીયો. ૬
અટક સાંભળી મહેતાજીની, સમરથ સારંગપાણીજી;
કેદારો મુકાવા ચાલ્યા, પ્રીત પુરવની જાણીજી સખીયો. ૭

પદ ૭૮ મું. રાગ કાલેરો.

કેદારો મુકાવાને ચાલ્યા, તે ભક્તવત્સલ ભગવાન સ્વરૂપ;
ધરણીધર મહેતાજીને મંદીર, લઇ ચાલ્યા મેહેતાનું સ્વરૂપ કેદારો. ૧
ધન આપી ખત માગીરે લીધું, મહેતાજીના મહીમા વધારયોર બહુ;
ધરણીધર નાગરને ઘેર એક આપાંગળી હુતીરે વહુ; કેદારો. ૨
તેને ઘેલી કહી સહુકો બોલાવે, તેને મંદીર પધારયા ભગવાન;
મસ્તક હાથ મુકીને ઉઠાડી, તેનું રૂપ કીધું લક્ષ્મીજી સમાન્ય. કેદારો. ૩
એક પંથ બે કારજ કરીને, હરી આવ્યા જુનાગઢ મોઝાર;
મેહેતાજીને ખોળે ખત નાખ્યું, અત્રીક્ષ રહીને મોરાર. કેદારો ૪
તેને શ્રીપતે સરવે દીઠું, મંડળીક પાસે માગે માન;
નરસૈયો ઇશ્વરનો શેવક, કહ્યું કરો હઠીલા રાજન. કેદારો ૫
અન્યોઅન્ય સહુ વાત કરે છે, ખત આપ્યું દામોદરરાય;
નરસૈયાને મંદીર મોકલો નહીતો, આપણો મહીમા જાય, કેદારો ૬
તળાજેથી તતક્ષણ આવ્યા, કહે ધરણીધર સાંભળો રાય;
હરીના જન હરી સરખા જાણો, મહેતાજીને લાગો પાય. કેદારો ૭

પદ ૭૯ મું.—રાગ સારંગ.

દ્વારીકાં પોહોત્યા કમળાપતિ, રામનંદ પ્રત્યે કહે વિનતી;
તમે જુનાગઢ લગી વેગ જાઓ, નરસઇયા નગરને કરો પસાવો; દ્વારિકાં ૧
આવ્યા રામાનંદ સભા મોજાર, એવે ધરણીધર કહેછે વિચાર;
મહેતાજીને રૂપે આવ્યા ભગવાન, અપાંગ વહુ કીધી લક્ષ્મી સમાન્ય.દ્વા. ૨
પ્રથ આપી ખત લીધું હરી, ધરણીધર વાણી ઉચ્ચરી.
શ્રીપતિ સાંભળીને દીલગિર થયા, મંડળીક રાય વિચારી રહ્યા. દ્વારિકાં. ૩
અન્યોઅન્ય વારતા એ ચરે, વૈષ્ણવ સાથે દ્વેષ કોણ કરે;
દક્ષણવંત ગંગોદક ભરયો, નરસૈનાગર વૈષ્ણવ ખરો દ્વારિકાં. ૪
ગાએ રત્ન ગળાણું રાય, રત્ન જડે ને છુટે ગાય;
એવી પ્રિત દામોદર કયાંથી કરે, ભાગી ભોગળ હાર કંઠે ધરે દ્વારિકાં. ૫
તે માટે મહેતાને મોકલો ઘેર, બ્રાહ્મણ્શું નવ કીજે વેર;
વેર કિધે નવ થાયે ભલું, તે માટે કહિએ એટલું દ્વારિકાં ૬
એમ સભાજન સરવે કહે, તે તો મંડળિક સરવે લહે;
પ્રબલ પ્રધાન વિચારે પેર, નરસૈયાને મોકલીએ ઘેર. દ્વારિકાં ૭

પદ ૮૦ મું.

રામાનંદ સન્યાશી એણી પેરે કહે, એ કથા અણવચ નવ રહે;
કોઇ કોઇની કુડી પક્ષ કરે, તે સન્યાસી નરકે સંચરે રામાનંદ. ૧
વૈષ્ણવ જનને નિંદે જેહ, કુંભીપાક પડે નર તે
પાંડુ પુર નાગર છે એક, તેમાં નામો ભક્ત વિસેક. રામાનંદ ૨
નામ દેવને હારશુ પ્રિત, રામાનંદ કહે શુભરીત;
બ્રાહ્મણે આણી મસ્તક ગાય, લઇ બાંધી સુલતાન સભાય. રામાનંદ ૩
નામદેવે સજીવન કરી, તુલશિ આળા કંઠ ધરી;
નામદેવ નર હરિગુણ ગાય, આવ્યા સમરથ વઇકુંઠરાય. રામાનંદ ૪
જુઠા લોક સહુ જોઈ રહયા, વૈષ્ણવ જન તે સાચા થયા;
ભગત જગતને આદથી વેર, પ્રભુ શેવકની જાણે પેર રામાનંદ ૫
પ્રહ્લાદજી પર કોપ્યો તાત, વિલિપણુને વિરે દીધી લાત;
અમરિષને દુરવાસા કોપીયો, ધ્રુવ બાળક તે વનમાં ગયો. રામાનંદ ૬
ત્યાં મળિયા રૂષિ નારદરાય, આપી મંત્ર કરયો વિદાય;
તેણે ધરયું હરીનુ ધ્યાન, પ્રસન થયા પોતે ભગવાન રામાનંદ ૭
ભક્ત જાણીને શુધ લીધ, ધ્રૂવજીને તો અવિચળ કીધ;
સુધનવા ઉગારયો હરી તેલ કડાયેલી કરી. રામાનંદ ૯
પંચાળીનાં પુરયાં ચીર, તે તો પોતે હળધર વીર;
માટે મહેતા તમને કહું, સંસારી ચરિત્ર હું સઘળું લહું.
હાર લીધા વિના જાએ ઘેર, તો વૈષ્ણવની લાજ રહે શી પેર;
ભાગી ભોગળને આપો હાર, ત્રીભુવન વરતે જયજયકાર. રામાનંદ ૧૦
નિજ ધરણુનો બેલી મહારાજ, ઠામઠામ જનની રાખે લાજ;
રહો વિશ્વાસે આણે ઠામ, હવે ડગમગ આવે કામ. રામાનંદ ૧૧

મહેતા તમારી ભક્તિ ખરી, હાર આપશે હેતે હરી;
સમાનંદ એણીપેરે ઉચરે, મહેતાજી મન હરખજ ધરે. સમાનંદ ૧૨
કેદારો આલાપીને ગાજ, સર્વ સખીને આનંદ થાય;
જય દામોદર જય રણછોડ, નિજ ભક્તના પુરે કોડ. સમાનંદ ૧૩

પદ ૮૧ મું રાગ કેદારો

મારા વાલાજી રાગ મુકાવીને આવ્યા, મહેતો ખત વાંચીરે મુંઝાયે;
નાચે કુદેને તાલ વજાવે, મારા વાલાજી નવ વીસારેરે મારો વાલાજી ૧
મધુરે સ્વર કેદારો ગાયો, મારો ગોરીયો ગમાણું આવ્યોરે;
ઠમકે ઘુઘરી નેપુર વાજે. માહારા રાગ કેદારો મુકાવ્યોરે; મારો વાલોજી ૨
પ્રગટ થાઓ પાતળિયા સભામાં. મુજને આપો હારરે;
આવો છબીલા શામકું દીજે, શાને લગાડો વારરે. મારો વાલોજી ૩
મલપતા મંદીર આવો, જાગો દીનદયાળુરે;
સભા સર્વ દેખતાં કાનુડા, મારી કંઠ આરોપો માળરે મારો વાલોજી ૪
એમ કહી ખત મસ્તક મુકેલું, સખિયો થાવો સાવધાનરે
જયજયકાર બોલે નરસઇયો, સર્વ સખીયો કરો ગાનરે. મારો વાલોજી ૫

પદ ૮૨ મું–રાગ પ્રભાત.

દામોદર દિલમાંહે વિચારરે, મહેતો ભગત છે મહારોરે
ક્ષણએ મુજને નવ વિસરે. ગણું પ્રાણથી પ્યારોરે દામોદર ૧
એમ વિચારી ગયા અલબેલો, ધરણીધરને ઘેરેરે;
કેદારો મુકાવી લાવ્યા, જુગતે જાણ્યું પેરરે.
ખત લાવીને ખોળે નાંખ્યુ. તે તો સર્વે જોયુરે.
મહેતો મનમાં રાજી થયો બહુ, જોતાં મનડું મોહ્યુંરે. દામોદર ૩
કોડથી કેદારો ગાયો, તે તો મુજને ભાવ્યોરે
ઉપમા આપી મુજને બળદની, ગોરીયો ગમાણું આવ્યોરે. દામોદર ૪
મારે આસન જઇને બેસુ, છોને લાગે વારરે;
કેવો ગણીયો મુજને મેહતે, કેમ આપુ હવે હારરે. દામોદર ૫
શીસ ચઢાવી આસન બેઠા, શ્રી દામોદર રાયરે;
તે તો મહેતાજીએ જાણ્યુ, હવે શી પેર થાયરે. દામોદર ૬
મેહેતાજી કહે સુણો મોહનજી, રીસાઇને ક્યાં જાઓરે,
જીવ જતાં લગી નવ છોડુ, સહાય સામળીયા થાઓરે.

પદ ૮૩ મું.

ભાગ્ય આગળ સામળિયા સાથી, ઘેલડા મુકાવોને ગોવાળરે;
આહિરને આવડો શો આંકો, આપો મોગરાની માળારે. ભાગ્ય ૧
હવે ગાળ નહિ દઉં ગોવીંદજી ક્ષમા કરો અપરાધરે;
શિવ વિરંચી તારો પાર ન જાણે, તે શું કરયો મેં વાદરે. ભાગ્ય ૨
શુક સનકાદિક ધ્યાન ધરે છે, તે તું નંદ કુમારરે;
લક્ષ્મિવર મેં કહયો તુજને લંપટ વારંવારરે. ભાગ્ય ૪
સેવક જનના મોહ્યા માટે, જોયું નહિ જદુનાથરે;

અવગુણ ભરીયો પણ હું તારો, હેતે ઝાલો હાથરે. ભાગ્ય ૪
સુધ બુધ લજ્જા મેલી જનમાં, નવ લહે લગારરે;
એમ વચનમાં જે બોલાણુ, ખિજલ વારંવારરે. ભાગ્ય ૫
સુખસાગર છો શ્રી ગીરધારી, બાનાની પત રાખોરે;
મહેર કરી મહારાજા મુજપર, દાસને દરશન આપોરે. ભાગ્ય ૬
આપો આલીંગન દીજે વાહાલા, સુંદર મુખડું નીહાળુંરે;
કહે નરસૈયો રજની વિતી, થયું ત્રેલોકમાં અજવાળુંરે. ભાગ્ય ૭

પદ ૮૪ મું.

જાગ્ય જાગ્યરે જદુપતિ, રજની વિહાણી;
મટકીક મુજને બહુ બીવરાવે, જીવન લ્યો જાની જાગ્ય ૧
અરૂણ ઉદયની વેળા થઇ છે, હરણી તો આથમી;
દીપક જોત્યો ઝાંખી થઇ છે, કહું મસ્તક નામી. જાગ્ય ૨
વલોણાં વાજે ને ઘંટીઓ ગાજે, પ્રેમદા ભરે પાણી;
કેશવજી તમે કેમ ન આવ્યા, કોણે બાંધ્યા તાણી. જાગ્ય ૩
મછકંદે તો કુંભકરણ જીત્યા, તેની ઊંઘ તને આવી;
બાળક ઉઠ બન્યા અલબેલા, શું બેઠા રીસાવી. જાગ્ય ૪
શ્રી રણછોડ છો દામોદરજી, હાર હરી આપો;
નરસૈયો કહે નાથજી સાંભળ, દુઃખ તમો કાપો. જાગ્ય ૫

પદ ૮૫ મું.

ખત વાંચતાં હું બાવરાણો, તેની તમને જોઇ છે રીસરે;
સેવકના અપરાધ સામુ, શું જોવા જગદીશરે ખત વાંચતાં ૧
શ્રીપતી સાહ્ય કરો સેવકની, વેળા પડી છે આકરીરે;
નાગરની સાથે લગ્ન પધાર્યા, મહેતાજી સાથે રાજીરે. ખત વાંચતાં ૨
ઉઠો ઉઠો હરી થયું અજવાળુ, ખોટી ન થાશો પળ એકરે;
પ્રીતમજી પ્રેમથી બેઠ, મુકી દો હરી ટેકરે. ખત વાંચતાં ૩
એવું સુણી ઉઠયા અલબેલા, થયો ત્યાં બહુ કડાકોરે,
જાણે મેઘ ગાજ્યા આશાઢ, એવો થયો ભડાકોરે, ખત વાંચતાં ૪
મોહનજી કહે સુણો મહેતાજી, અંતર નથી તમ સાથેરે;
પ્રીત કરી તુજને પરણાવું, હાર હું મારે હાથેરે. ખત વાંચતાં ૫
તુજ વિના સહાર નવ આવે, હું પુરૂં તારી આસરે;
એમ કહીને બાન્ને બેઠા, નરસૈને ગરિબનવાજરે. ખત વાંચતાં ૬

પદ ૮૬ મું—રાગ વસંત.

કમાડ કકડીયાં ને ગગને ગડગડીયાં, મટકીકના મંદીર;
ભોગળ ભાગીને તાળાંરે તુટયાં, પધાર્યા શામશરીર. કમાડ કડકડીયાં ૧
ખળભળીયા ખડકોશીરેઉં પડે પોળ પગાર;
નાઠા દ્વાર સભાથી સર્વે, થઇ રહ્યો હાહાકાર. કમાડ કડકડીયાં ૨
આસનથી ઉઠયા અવિનાશી; આવ્યા સભા મોઝાર;
સભા સરવે દેખતાંરે આપ્યો, આપ્યો મહેતાજીને હાર. કમાડ કડકડીયાં ૩

પીતાંબર પ્રીતે ઓઢાડયું, આપી કાને કુંડલ જોડ;
મસ્તક મુગટ સમરપી નાચ્યે, જયજય શ્રી રણછોડ. કમાડ કડકડિયાં ૪
મુખ મોરલી મધુરી વજાડે, દીનાનાથ દીયાળ;
રંગીલો છબીલો છોગાળો વાલો, તે હે ભમરી કરનાળ. કમાડ કડકડિયાં ૫
જયજયકાર બોલે સહુ સાધ્વીયો, ધન્ય ધન્ય ગોકુળ રાજ;
નરસઈયાને ફેરી ફેરી ભેટે, હરખે હુરખ ન માય. કમાડ કડકડિયાં ૬

પદ ૮૭ મું--રાગ પ્રભાત

આકૂડિયે જો દ્વાર ઉઘાડી, હાર ગોપાળરાયે દીધોરે;
રાજા શંકાણો થરથર કાંપ્યા, મેં મોટો અપરાધ કીધોરે. આકૂડિયે. ૧
સન્યાશી સો વિસ્મય પામ્યા, વરત્યો હાહાકારરે;
જેને જેવા તેને તેવો, દીઠા દેવ મોરારરે. આકૂડિયે ૨
નરસઈ આશ્રમે નૃહસિંહરૂપ દીઠા, મુકુંદાશ્રમે મુકુંદરૂપ;
અચ્યુતાશ્રમે અચ્યુતરૂપ દીઠા માધવાશ્રમે માધવરૂપ. આકૂડિયે ૩
અદભુતાશ્રમે અદભુતરૂપ દીઠા, વિશ્વંભરે વિશ્વરૂપ;
વિશ્વેશ્વરઆશ્રમે વિશ્વરૂપ દીઠા, કેશવાશ્રમે કેશવરૂપ. આકૂડિયે. ૪
રઘુનાથાશ્રમે રઘુનાથરૂપ દીઠા, ભીમે દીઠા રામરે;
રાજાની રાણીએ ચતુરભુજ દીઠા, રાજકુંવરે દીઠા સુંદર શ્યામ. આકૂડિયે. ૫
શ્રીપાલપંડીતે સુંદર રૂપ દીઠા, શ્રીધરે દીઠા બ્રહ્મચારરે;
બ્રહ્મચારથીએ બ્રહ્મ રૂપ દીઠા, પ્રાસાદપુરીએ ત્રીપુરારરે. આકૂડિયે ૬
પ્રલંબ પ્રધાને પ્રૌઢ રૂપ દીઠા, મંડળીકે કાળેરે;
ગભાએ દીઠા સુંદર શિંગમણ, સજજને દીઠા બાળરે. આકૂડિયે ૭
જોગી ધ્યાનીયે જ્યોતી રૂપ દીઠા, કુંવરબાઈયે દીઠા પીતાંબર;
મોહતાજીયે લટકાળા છોગાળા, દીઠા શ્રીગોકુળના રાયરે. આકૂડિયે ૮
ગામવાસીને જેવો તેને તેવો, વ્યાપી રહ્યો કરુણાળરે;
મહેતાજીને કંઠે આરાપી, લેઇ મોગરાની માળરે. આકૂડિયે. ૯
રાગ રાગનુ તાન મીલાવે, મોરલી મદનગોપાળરે;
જય જયકાર કહે સરવકો, હરિ ભક્તવત્સળ પ્રતિપાળરે. આકૂડિયે ૧૦
લોક સહુ રાજાને કહે છે, તમે મોટો અપરાધ કીધોરે;
રામાનંદને રીસ ચડી બહુ, શ્રાપ રાજાને દીધોરે. આકૂડિયે ૧૧
પ્રભુના જનને તેં બહુ પીડયો, કાંઈ ન વિચાર્યુ આગારે;
મણુ જન્મ તું મલેચ્છ થઇને, ભોગવ તુજ પાપરે. આકૂડિયે ૧૨
ત્યારે સુરસેનાએ હાથજ સાહયો, રાજાને શ્રાપ ન દીજેરે;
જેણે આપણુ ભુંડ કીધુ હોય, તેનું રૂડુ કીજેરે. આકૂડિયે ૧૩
ત્યારે રાજા પસ્તાયો પોતે, આવી દંડવત કીધોરે;
જ્ઞાનમેં મેં કાંઇ ન જાન્યું, આહારો એકે અરથ ન સીધ્યોરે. આકૂડિયે ૧૪
કાગળ સુવર્ણ બ્રહ્મ પોળો આપી, તે કશું ન આવ્યું કામરે;
કળિજુગમાંહી હરિ ભક્ત મોટા, વળી નારાયણ નામરે. આકૂડિયે ૧૫
એ વાત તે કોને કહીયે, મળ્યા પ્રધાન ને સતર સન્યાસીરે;
નારાયણનો જન મેં દુભ્યો. હઇયે ન જોયું વિમાસીરે. આકૂડિયે ૧૬

ત્યારે મહેતાજી એણીપેરે બોલ્યા, સાહી રાજાનો હાથ રે;
વાંક સઘળોછે તારી માતનો, તેને પુછ તું વાતરે. આફુડીયે જો ૧૭
રાજન જઇ માતાને કહે છે, હવે શીપેરે થાશે રે;
માતા કહે તેં કહ્યું ન માન્યું, જુનાગઢ તુજ જાશે રે. આફુડીયે જો. ૧૮
વળતો રાજા એણીપેરે બોલ્યો, મા સઘળો તારો વાંક રે;
[illegible] જે નીપજ્યું હોયે તે, હું થઇશ તારો રાંક રે. આફુડીયે જો. ૧૯
વળતી માતા એણીપેરે બોલી, કહુંછું સાચુ હુંય રે;
[illegible] શેવકનું મુખ મેં જોયું. પેટે રહ્યો જઇ તુંય રે આફુડીયે જો. ૨૦
દુષ્ટતણું મુખ જોતાં આવો, નીરદય નીપજ્યો તન રે;
કહ્યું ન માન્યું [illegible] કહ્યનું, પીડયા હરીના જન રે આફુડીયે જો. ૨૧
[illegible] મુનિ [illegible] મનમાં પસ્તાવો બહુ આપરે;
નરસઇયાને પિડા પમાડી, તેથી [illegible] આફુડીયે જો ૨૨
[illegible] દયા કરી [illegible], નરસૈયા નાગરનો રાખ્યો રંગ;
[illegible] સઘળે [illegible], ત્યારે સઘળે કીધો માન ભંગ. શ્રી દામોદરે ૧
[illegible] ને કો કહે કપટી પણ શેવકને તમારી આશ;
[illegible] લાજ સભામાં રાખી, હરિજન સઘળા કીધા નિરાશ શ્રી દામોદરે ૨
કલિયુગ [illegible] દીધું, નરસઇયાને [illegible] હાડ;
[illegible] પીતાંબર આપ્યું કટી હાડ. શ્રી દામોદરે ૩
[illegible] સાથે કીધો વાદ;
[illegible], ઉતાર્યો હરીએ તેનો નાદ. શ્રી દામોદરે ૪
[illegible] હવે [illegible], સહુનાને આવ્યો [illegible] હરીરે;
[illegible] હરીને, નરસઇયા નાગરની રક્ષા કરી. શ્રી દામોદરે ૫

પદ ૮૯ મું.

[illegible] સંભાળી રે
[illegible] હાર ઉતારી રે મારા ઠાકોર ૧
ભક્તજનોને [illegible], [illegible] છ સુખકારી;
ભક્તજનોને [illegible], [illegible] ગુણકારી;
[illegible] કૃપા કરી [illegible]. મારા ઠાકોર. ૨
[illegible] નિત્ય દાન દેતા [illegible], નહાતો [illegible] નીરે;
[illegible] કલંક [illegible] મારા ઠાકોર ૩
શુક [illegible] મુનીવર [illegible], [illegible] ચતુર ગુણ ગાયરે;
[illegible] હરિગુણ કોણ ન ગવાયરે મારા ઠાકોર. ૪
જેની સેવા સુરિનર [illegible], સહસ્ત્ર [illegible];
અમર ઇંદ્રાદીક ગાંધર્વ અપ્સરા, સુણું શ્રી હરીના ગાયરે. મારા ઠાકોર. ૫
મામેરૂ મોહો[illegible] કીધું, આપ્યા વસ્ત્ર શણગારરે;
[illegible] દેખતાં મહારાજે મુને, હેતે દીધો હારરે મારા ઠાકોર. ૬
સોરઠ જન જોવાને આવ્યા, [illegible] મનના કોડરે;
સકળ સભામાં લજ્જા રાખી, નરસૈયો [illegible] હોડરે. મારા ઠાકોર ૭
કળીજુગ માંહે [illegible] માનવી. [illegible] કેને ન [illegible];

ભણે નરસૈયો સુણો નારાયણ, ચરણ શરણ રાખી લાજેરે. મારા ઠાકોર. ૮

પદ ૯૦ મું

શ્રી દામોદરે કીધી દયા જે, મુગટ સહિત મુને આપ્યો હાર
બાજુબંધને બેરખા આપ્યા, ત્રિભુવન વરત્યો જયજયકાર શ્રી દામોદરે ૧
રાજા તું ઘેલો થયો જે ખડગ લઇને આવ્યો રાગ;
રસિયાજી શું રંગે રમતાં, શામાપતીએ રાખ્યો રંગ. શ્રી દામોદરે ૨
શા શા ગુણ ગાઉં ગોવીંદના, ઠામ ઠામ રાખી મુજ લાજ;
અફળ ન થાએ એ અલબેલો, સારે શેવક જનનાં કાજ. શ્રી દામોદરે. ૩
જે જન શેવે સાચા મનથી, તે ત્રીકમજી જાણેરે;
ભીડ પડે જ્યારે સેવકને, સહાય કરે તે ટાણેરે શ્રી દામોદરે. ૪
સજ્જન સરવે સાચુ માનો, એ હરિ દીન દયાળરે;
નીજ સેવકની લજ્યા રાખી, કઠે આરોપી માળરે. શ્રી દામોદરે ૫

પદ ૯૧ મું

શ્રી દામોદરના ગુણ ગાતાં, નર કો દુખીઆ ન હોઇરે.
સદા શામળીયો શરણે રાખે, સન્મુખ આવી જોઇરે શ્રી દામોદરના. ૧
સુરખ મુઢ હીંડે રડવડતો, નવ જાણે હરિનો મર્મરે;
સમરણ કરતાં તરતજ આવે, પરિ પુરણ પરબ્રહ્મરે શ્રી દામોદરના. ૨
છેલ છબીલાને છોગાળો, નિત્ય નિત્ય તેને ભજીયેરે;
મંડળીક માન ઉતાર્યું જેણે, કહો કેમ તેને તજીયેરે. શ્રીદામોદરના. ૩
સુખદાતાની પુર્ન કૃપાથી, અવિચળ પદ હું પામ્યોરે;
નરસઇયાના સ્વામીને જોતાં, ભવ ભય સઘળો વામ્યોરે. શ્રી દામોદરના. ૪

પદ ૯૨ મું.

વહાલાના ગુણ શાશા કહુરે, અવસરે આવી રાખે લાજ;
પતીત પાવન હરી નામ તમારૂં, પ્રગટ થાઓછો ભક્તને કાજ, વાલાના. ૧
કૃપા કરી મુને હારજ આપ્યો, મંડળિકરાય થયો મન ભંગ;
સભા સઘળી આશ્ચર્ય પામી, કૃપા તમારી પરમાનંદ વાલાના ૨
સાચી પ્રિત કરે જે હરીશું, તેના મનના પુરે કોડ;
કૃપા કરી તમે નરસઇયાને, ભક્તવત્સલ પ્રભુ શ્રી રણછોડ વાલાના ૩

પદ ૯૩ મું.

કરજોડીને દાસ વિનવે, હું સંત કૃપાએ સુખ પામ્યોરે;
ભક્તના ચરણ રેણુયે નરસયો, સકળ વેદના વામ્યોરે. કર જોડીને ૧
અલ્પબુદ્ધિ અજ્ઞાનિ હતો હું, દેખાદેખી ચાલ્યોરે;
સાધુ સમાગમ નિશદિન હરજીયે હાથજ ઝાલ્યોરે. કર જોડીને ૨
મહાજન સહુ ચરણે નમિયા, નગર તણા જે વાસીરે;
ભણે નરસઇયો શ્રીહરી સેવો, ટળશે ભવ દુઃખ ફાંસીરે. કર જોડીને ૩

પદ ૯૪ મુ.

ઓળંખો અકળ નહી જાય મહારો વાલો ઓળંખો શ્રી ગોકુળરાયરે;
કૃપા સાગરે કૃપા કરીને, કીધી મહારી સાહાયરે. ઓળંખો.
ઓળંખો ધરૂ પ્રહલાદ વિભિષણ, અમરિષને હનુમાનરે;

અક્રુર ઓધવ વિપ્ર સુદામા, વિદુર ભક્ત વરદાનરે. ઓળંભો. ૨
ઓળંભે વેગે ધરૂપદ તનયા, ચરણે અહલ્યા તારીરે;
કુબજાનું ચંદન માગી લીધું, ગોકુળ રાખ્યું મુરારીરે. ઓળંભો ૩
ઓળંભો વેગે વ્રજ વનિતા, તારણ તરણ ગિરધારીરે;
ઓળંભો પ્રીત કરી જે મુકતે, લીલા કુંજવિહારીરે. ઓળંભો ૪
સાંદીપરે સુત આણી આપ્યો, વેદ વદે એમ સાચુરે;
મારો ઠાકોર એજ દામોદર, અહો નિશ એને જાચુરે. ઓળંભો ૫
ભક્ત વત્સલ સદા હરી દાતા, દીનોનાથ કહાવેરે,
નરસઇયાના સ્વામીને સમરતાં, પુનરપી જનમ ન આવેરે. ઓળંભો ૬

પદ ૯૫ મું.

નીરખી લોક નગરના હરખ્યા, ધન મેહેતાનો અવતારરે,
મહિ પિત આપી ચરણે લાગ્યા, કરે હરખ ઓછવ નારનારિરે. નિરખી. ૧
અમે અબુધ મુરખ અજ્ઞાની, ખોટી કહી વૈષ્ણવની વાતરે;
સ્વામી સેવકમાં ભિન્ન ન હોએ, સૃતી સ્મૃતિ બોલે વિખ્યાતરે. નિરખી ૨
છબિલાજીના વાલા જે જન, તે સાથે કરવા દ્વેશરે;
સાચુ પાચુ સામળિયાનું નિશ્ચે, લખ્યો મટે નહિ લેખરે. નિરખી ૩
દુરજન સઘળા દુખજ પામ્યા, જેણે કીધાં કુડાં કર્મરે;
ભણે નરસૈયો તમ સુકૃત કરો સૌ, ધરણીધર રાખે ધર્મરે. નિરખી ૪

પદ ૯૬ મું,

ધન્ય તું ધન્ય તું એમ કહે શ્રીહરી નરસૈયા ભક્ત તુ સાચોરે;
મહેલી પુરૂષાતન સખીને રૂપે થયો તારો પ્રેમ જોઇ હુંરે રાચ્યોરે, ધન્ય ૧
મુજમાં ને તુજમાં ભેદ નહી નાગરા, માન્ય તું વેદવાણીરે;
હજી પતિત મહારી નથી તુજને, માગનાં મોકલ્યુ ટાહાડું પાણીરે. ધન્ય ૨
સામરૂં કીધું તે કેમ ગયો વીસરી, હાર આપ્યો તે પ્રત્યક્ષ ભુપરે;
ચાદભુવનમાં તુજ સમો કો નહીં, માહરૂં તાહરૂં એક રૂપરે ધન્ય ૩
તાહરો અક્ષર ગાયને સાંભળે, કુળ સહિત પવિત્ર થાએરે;
ભણે નરસઇયો મિઠુ બોલી શું રિઝવો. કરજોડી કૃષ્ણજી સમ ખાએરે.ધન્ય ૪

પદ ૯૭ મું

ધન્ય તું ધન્ય તું એમ કહે શ્રી હરી, ત્રિગુણ રહીત મન થયું રે તારૂં;
કોટી બ્રહ્માંડનો પતિ કરે વિનતી નરસઇયા માન્ય તું વચન માહારૂં. ધન્ય ૧
બ્રહ્મશંકર શુક શનક આદે જતી, શેષ નારદ ધરે ધ્યાન મારૂં;
મનકર્મ વચન તું અનુસરે, કોટી મુકતી તારે સર્વે વારૂ; ધન્ય ૨
જેવી વ્રજ સુંદરી તેવો તું નરસઇયો, નિરમળ સને મારો જશ ગાયો;
રાસ ક્રીડા કરી તુજને મેં દાખવી, હાર આપવાને હું હોંસે ધાયો. ધન્ય ૩
વૃજલીલા ગઢ્ય કેલીમાં કાનજી, પુરૂષ નામે કોઇ પાસે નાઠે;
આપ એ શ્રીહરી વ્રીજવીનતા ખરી, નરસઈ વિના લાડ કુણ લડાવે. ધન્ય ૪

પદ ૯૮ મું.

સંસારનો ભય નિકટ ન આવે, કૃષ્ણ ગોપાળને ભજતાંરે;
ત્રિવિધી તાપ ટળે સહુ તનના, મોહ માયાને તજતાંરે સંસારનો ૧

ધ્રૂવની દૃઢ ભક્તિને જાણી, [illegible] આપીરે;
ભક્ત પ્રેહલાદ ઉગાર લીધો, [illegible] સંસારનો ૨
જે જન સાચો ભાવ રાખી, [illegible]
શરણાંગત રાખે શામળીયો, [illegible] સંસારનો ૩
શ્રી દામોદર જેવો દાતા, જગમાં [illegible]
નરસઇયો કહે નિશદિન જપિયે, [illegible]

પદ ૯૯ મું [illegible]
મેહેતાજી અને ઢેડ લોકોના પ્રસંગ વિષેનું પદ.

ગીરી તલાટીને કુંડ દામોદર, ત્યાં મેહેતાજી [illegible]
ઢેઢવરણમાં દ્રઢ હરી ભક્તી, તે [illegible] ગીરી તલાટીરે ૧.
કરજોડીને પ્રાર્થના કીધી, વિનતી [illegible] વચન;
મહાન પુરૂષ મ્હારી અરજ એટલી, [illegible] તમે કરો કિરતન. ગીરી. ૨
પ્રેમ પદારથ અમો પામિયે, વાળિયે જનમ [illegible]
કરજોડતામાં કરૂણા ઉપજી, મેહેતા [illegible] ગીરી. ૩
ભૈક્ષા પક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદ્રષ્ટી [illegible]
ગૌમુત્રે તુળસી સ્થળ લીપજો, એવું [illegible] ગીરી ૪
મેહેતાજી નીશાયે આવ્યા, લાવ્યા પ [illegible]
પોર થયા લગી ભજનજ કીધાં, [illegible] ગીરી. ૫
ઘેર પધાર્યા હરીજશ ગાતા, વાતા તાલ [illegible]
હસિહસિ નાગરો તાળિયો લેછે, આ શા [illegible] ગીરી ૬
મોન ગ્રહીને મેહેતાજી ચાલ્યા, [illegible]
જાગ્યાં લોક નર નારી પુછે, મેહેતાજી [illegible] ગીરી. ૭
નાત ન જાણો ને જાત ન [illegible] વિચાર;
કરજોડીને કહે નરસઇયો, [illegible] ગીરી ૮

પદ ૧૦૦ મું.

એવારે [illegible]
ભક્તિ કરતાં [illegible] એવારે ૧
જેણું મન [illegible]
હવે થયું છે [illegible] એવારે. ૨
સઘળા સાથમાં [illegible]
તમારે મન [illegible] છે મને [illegible] એવારે ૩
કરમ ધરમની વાત છે જેટલી, તે મુજને નવ ભાવેરે;
સઘળા પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે નાવે. એવારે ૪
હળવા કરમનો હું નરસઇયો, મુજને તો વઇષ્ણવ વહાલારે;
હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલારે. એવારે. ૫

પદ ૧૦૧ મું.
મેહેતાની સખી માનબાઈની વીનતી.

સાંભળોને શામળિયાવાલા, મારે તમથી નથી કાંઈ કાચુરે;
હરિજન સહુ મળી આડું બોલે છે, [illegible] માનતા સાચુંરે. સાંભળોને ૧

આંતર જાણ્યા [illegible], મહેતાજી નાત મેં મ્હારે;
રાઉ મળીને સુજને [illegible], [illegible]. સાંભળોને ૨
[illegible]ગર સરવે નાત મહેતાજીનું [illegible];
[illegible]રીને દેહજ [illegible] [illegible]. સાંભળોને ૩
જો મહેતાજી જમવા આવે, [illegible] [illegible];
[illegible] નથી [illegible], [illegible] [illegible] સાંભળોને ૪
[illegible]ગર સહુ [illegible] [illegible];
[illegible]એક નાગરમાં હેઠ [illegible], [illegible]. સાંભળોને ૫
અંતરજામી [illegible] સાંભળી, [illegible];
એકએક કરમાં [illegible] નાગરમાં [illegible]. સાંભળોને ૬
[illegible] સુખ સાચું [illegible];
નાગર સઉ નાત [illegible], [illegible] જાય. સાંભળોને ૭
નાગર સરવે નાત [illegible], [illegible] વિચારે;
જો મહેતાજી જમવા ન [illegible], [illegible]. સાંભળોને ૮
[illegible] જમવા [illegible], [illegible];
[illegible], [illegible]. સાંભળોને ૯
નાગર [illegible] મહેતાજીને [illegible];
[illegible] જમવા [illegible], વાટ જોઇ જોઇ અમો હાર્યારે. સાંભ ૧૦
[illegible] નથી મહેતાના [illegible];
[illegible] સ્વામી [illegible], સાથ તે દેહ સમાવ્યારે. સાંભળ ૧૧

પદ ૧૦૨ જું.

આણુંપે મુને [illegible], [illegible];
[illegible] વૈકુંઠ [illegible], [illegible] ત્યાં જાવું છે. આણુંપે મુને. ૧
[illegible] મુજને [illegible], [illegible] કીધારે;
જગત ભગતની [illegible], [illegible]. આણુંપે મુને ૨
[illegible] ગાય ત્યાં [illegible]. [illegible] ત્યાં [illegible];
[illegible]થી [illegible] નહિ હું [illegible]. આણુંપે મુને ૩

પદ ૧૦૩ જું.

હરીની ભક્તિ વિના જે જીવે તેનો આકુળ ગયો અવતાર;
તુલસીની માળા તિલકજ પાખે, [illegible]. હરિની ૧
દશ માસ ઉદર [illegible], કીધું કારજ [illegible];
દેહ ધરી હરીદાસ ન કહાવ્યો, તેની જનુનીને ધીકાર. હરિની ૨
વૈષ્ણવ જન વાહાલા નહી જેને, [illegible];
નરસઈયાના સ્વામી વિના બીજે અનેક [illegible]. હરિની ૩

પદ ૧૦૪ થું.

ધન્ય ધન્યરે જીવતર વઈષ્ણવનું, જ્યાં જોઈએ ત્યાં હરિગુણ ગાય;
[illegible] લોકમાં પહેલી પુજા નરનારીને વઇકુંઠ જાય. ધન્ય ધન્યરે ૧
વઈષ્ણવ કેરા ગુણ લક્ષણ, તિલક છાપ ને તુળસી માળ;

વૈષ્ણવ કેરો વેશ દેખીને, જમકિંકર નાસે તતકાળ. ધન્ય ધન્યરે ૨
જન્મ મરણના ફેરા છુટે, જમ જોખમથી રાખે અંગ;
સંસાર માંહે તે નર જીત્યા, જે નિશદિન વૈશ્ણુ સંગ. ધન્ય ધન્યરે ૩
માત પીતા કેરૂ કુળ તારે, પરદેશી પાવન પરિવાર;
ભણે નરસઇયો હરિગુણ ગાતાં, પુનરપી તેને નહીં અવતાર ધન્ય ધન્યરે. ૪

પદ ૧૦૫ રાગ આશાવરી

નરસઈયાને કીધી દયા, વૈકુંઠનાથ તે સન્મુખ થયા;
આપી માળ પરમભક્તિમગ, રમાપતિએ રાખ્યો રંગ. નરસઈયાને૦ ૧
પંચ શબ્દ વાજે નિસાન, રાય કરજોડી આન;
રાખો મેહેતાજી મહીમાય, નીચો નમીને લાગ્યો પાય. નરસઇયાને૦ ૨
દુષ્ટ થકી દુષ્ટ અળગો જા, થોડે દહાડે મલેચ્છજ થા;
વૈશ્ણવ જનની નિંદા કરે, નિસ્ચે નરકે સંચરે. નરસઇયાને૦ ૩
નિશદિન લેશે હરિનું નામ, તેના સઘળાં કામ,
ભણે નરસૈયો જે સેવા કરે, પુનરપી તે જન નવ અવતરે. નરસઈયાને૦ ૪

પદ ૧૦૬ ઠું—રાગ પ્રભાત.

તમારી કૃપા હવી મારા વાલા, મુને જે આપો તે થોડુંરે;
દીનાનાથ દામોદરનો હુ, દાસ થઇ કર જોડુરે. તમારી કૃપા૦ ૧
જયદેવને જે કૃપા કરી તે, સઘળે લોકે જાણીરે;
તેમજ મુજને હાર આપ્યો તે, તમારી કૃપા ગણાનીરે. તમારી કૃપા૦ ૨
ધન્ય સોરઠને ધન્ય એ માળા, ધન્ય આશાવરી રાગરે;
ભણે નરસૈયો ભલે અવતરીયા, કૃષ્ન ભજ્યાનો લાગરે. તમારી કૃપા૦ ૩

પદ ૧૦૭ મું—રાગ ગોડી.

મંડળીક આવી લાગ્યો પાય, ક્ષમા કરો મંદમતી રાય,
પ્રલંબ પ્રધાન વિનય બાહુ કરે, સીચો નયણે નિરજ ભરે, મંડળીક૦ ૧
સીપાત સરવે મેહેતાજીને નમ્યા, અમો અતિશય તમને દમ્યા,
અમે અજ્ઞાન થયા મહારાજ, રાખી દામોદરે તમ લાજ. મંડળીક૦ ૨
ભીમ મહેતાજીને પ્રણામજ કરે. શન્યાશી વિનય વચન ઉચરે,
દ્વેશી નાગર ઘેરજ ગયા, વૈશ્ણવ સર્વે રળીઆતજ થયા. મંડળીક૦ ૩
એ હરિજનનો મહિમા રહયો, રાય મંડળીક પોતે લહયો;
સભા સર્વ જન બોલે પેર, મેહેતાજી પધારો ઘેર. મંડળીક૦ ૪
સખીઆ સહીત ઉઠયા તેણીવાર, સર્વે બોલે ત્યાં જયજયકાર,
મેહેતાજી આવ્યા મંદીર માંહે, વઈશ્ણવ જને વધાવ્યા ત્યાંહે,
નરસઇયો કહે જપો હાર નામ, દામોદરને કરો પ્રણામ. મંડળીક૦ ૪

પદ ૧૧૮ મું—રાગ આશાવરી.

સંવત પંદર બારોતસમાં, ચૈત્ર શુદ સપ્તમી રવીવારરે;
અતિ આનંદે માળા ગાઇ, નરસઇયો ઉતર્યો પારરે. શંવત પંદર ૧
વઇધૃત વ્યતીપાત એકાદશી દીન, વઇશ્ણવ મુખ સંભળાયરે;
અગમ અગોચર પાતક જેનાં, તે સઘળાં બળી જાયરે. સંવત પંદર ૨

જે જન સાંભળે ભાવ ધરીને, નરનારી દુખીયાં ન થાયરે;
ભણે નરસૈયો તે વૈકુંઠમાં, ગરૂડે ચડીને જાયરે. સંવત પંદર. ૩

ઇતિ હારમાળાનાં પદો સંપુર્ણ.

પદ ૧૦૯ મું રાગ રામગ્રી.

પઢોરે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે,
પાસે બંધાવી પાંજરૂં મુખ રામ જપાવે, પઢોરે પોપટ ૧
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું,
તનું ઘડાવું પોપટ પાંજરૂં, હીરા રતને જડાવું. પઢોરે પોપટ ૨
પોપટ તારે કારણે, શી શી રસોઈ બનાવું,
સાકરનાં કરી ચુરમાં, ઉપર ઘી પિરસાવું. પઢોરે પોપટ ૩
પાંખ પિળીને પગ પાંડરા, કોટે કાંઠલો કાળો,
નરસઈના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો. પઢોરે પોપટ ૪

પદ ૧૧૦ મું.

કોણ એ સસાનાં કામની, હત ફળીયલ રામા,
દરૂપદીનિ લજ્જા રાખવા, હરી ઉભા છે સામા. કોણ એ. ૧
વાલોજી ગયાતારે વાડીએ, સરવે સુંદરી સાથે;
સેલડીનો સાંઠો છોલતાં, છરી બેઠી છે હાથે. કોણ ૨
માનિતી મંદીર પધારીયાં, ચીંથરડીરે લેવા,
દરૂપદીએ ચિર વધેરિયાં, હરિને પાટો બાંધવા. કોણ ૩
શ્રીકમે તેના તાંતણા, લખિ રાખ્યા છે લેખે,
નવશે નવાણું ચીર પુરિયાં, સઘળી રભારે દેખે. કોણ ૪
ગરૂડે ચડીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામિ,
ભક્ત ઉધ્ધારણ ભુધરો, મેહેતા નરસઇને સ્વામિ. કોણ ૫

પદ ૧૧૧ મુ.

આવો અમારે દેશડે, મિઠા મોહન માવા,
દહિ દુધને વળિ ઘરૂત ઘણું, ખિરમાં ખાંડ ખાવા. આવો અમારે.
રસોઈ કરી ભાત ભાતની, કાન તમારે કાજે,
પ્રિતમ પ્રિતે પધારિયે, કૃપા કરીને આજે. આવો અમારે ૨
ગંગાજળ મે ગરમ કરયું, નાથ તમારે નાવા;
આપું પિતાંબર પહેરવા, ચાલો પરસાદ ખાવા, આવો અમારે ૩
અરજ સુણિ અલબેલડો, પ્રેમે આવ્યા છે ધાઈ;
ગોપિયો દેખિ ઘેલી થઈ, અતિ મન હરખાઇ. આવો અમારે ૪
ભાવે ભોજન જમાડિયાં, બીડિ પાનની દીધી,
ઘણા દિવસની ગોઠડી, કાન આગળ કિધિ. આવો અમારે ૫
પ્રેમની સાંકળે બાંધીયા, હવે નહિ દેઉ જાવા,
નરસઈના સ્વામિ સામળા, ચાલો ગોકુળ ગાવા. આવો અમારે ૬

પદ ૧૧૨ મું

સુખ દુઃખ મનમાં ન આણીયે. ઘટ સાથેરે ઘડીયા

ટાળ્યાં તે કોઇના નવ ટળે, રઘુનાથના જડીયાં. સુખ દુઃખ ૧
નળરાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી;
અડધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મલ્યા અન્નને પાણી સુખ દુખ ૨
પાંચ પાંડવ સરખા બાંધવા, જેને દ્રૌપદી રાણી;
બારવરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી. સુખ દુઃખ ૩
સિતાજી સરખી સતિ નહિ, જેને રામચંદ્ર સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતિ મહા દુખ પામી. સુખ દુખ ૪
રાવણ સરીખો રાજીયો, જેને મંદોદરી રાણી;
દસ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુટાણી. સુખ દુખ ૫
હરિચંદરાય સત્યવાદીયો, તારા લોચના રાણી;
તેને વિપત પડિ ઘણી, ભરિયાં નિચ ઘેર પાણી. સુખ દુખ ૬
સગળશા શેઠ વહેવારીયો, ચંગાવતી રાણી;
કુંવર કેલઇયો વધેરીયો, નયણે નાવ્યાં પાણી સુખ દુખ ૭
શીવજી સરખા સતા નહિ, જેને પારવતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ દુખ ૮
હનુમાન સરખો મહાજતી, જેને વજર કછોટો;
જાણ્યુતું રાજ આપશે, આપ્યો તેલ કચોલો. સુખ દુખ ૯
દુખ પડ્યું સર્વ દેવને, સમરયા અંતરજામી;
ભક્તવત્સળ ભુધરો, મહેતા નરસઇનો સ્વામી. સુખ દુખ ૧૦

પદ ૧૧૩ મું.

ગુરૂપદ વંદીરે વાણી ઓચરૂંરે, હું છું બાળક અબુધ અજાણ,
અપરાધ શાસુંરે માં જોશો દયાનાધાર, બોલ્યું ચાલ્યું કરજો પ્રમાણ. ગુરૂપદ
ભવસાગરમાંરે ગુરૂનાવે હું ચઢયો, સહજમાં આવ્યા સાગર પાર.
હોડાને હિલ્લા તોરે, મુજને નવ નડયારે, સદગુરુ સાચા ઢાંકણહાર. ગુરૂપદ ૨
વેપાર તો કીધોરે હરિ નામનોરે, કીધો ગુરૂ રૂપી દલાલ;
માલ હોરાવ્યોરે સુગમ શોધા કરીરે, આ ભવમાં કીધો ન્યાલ. ગુરૂપદ ૩
ગુરૂ મહીમનોરે પાર હું કયમ લહુંરે, થાકી સરસ્વતી શાકયા વેદ,
શિવ સનકાદિકરે વરણી નવ શકયારે (એવો)ભારે ગુરૂ ગુણનો ભેદ ગુરૂપદ ૪
ગોવીંદથી અદકારે સદગુરૂ ગુણનીધીરે, અધમ ઉધારણ કહાવે નામ;
તનમન અરપીરે સેવા સદા કરૂરે, નમિ નરસીંહ કરે છે પ્રણામ. ગુરૂપદ ૫

પદ ૧૧૪ મું.

એક તું એક તું એમ સૌકો સ્તવે, કોણ હું તે નહિ કો વિચારે;
કોણ છું કયાં થકી આવિયો જગ વિશે, જઇશ કયાં છુટશે દેહ ત્યારે;
પ્રતિદીને જડ કને જઇ કરી યાચતો, ઈશ તું સહાય થાજે સદારે.
તોય પ્રણ દુખ તો લેશ ટળતુ નથી, થાકતો તું કદારે. ૨
કોઈ તો ઉર્દ્ધ ગગનમાં તાકતો, ભીખતો જોઉં હું નમ્ર વાણી;
કોણ હું કને માગુ શા હક થકી, તે નથી જાણતો મુરખ પ્રાણી. ૩
એમ કરતાં કદી લાભ જો પામિયો (તો) કહે હરી તણી સાહ્ય થઇરે;
કામ કથલ્યા થકી ભવિષ્યને ભાંડતો, પુર્વના કર્મનું નામ લેરે. ૪

પુરૂષના કર્મ જો હરિ ભજે નવ ટળે, તો કહો કોણ તે કામ કરશે;
સત્ય સરાજી કહિ પરિ પદ પરખશો, ભવભય ભર્મને તેજ હરશે. ૫
બાકના વૃક્ષથી આમ્રફળ વેડવા, મુરખા તું કદિ આશ ધરશે,
પુરૂષ તેહનો તો જઈ જગ વિશે, જ્ઞાન હિણો સદા તેજ ઠરશે. ૬
જીવ ઈશ્વર અને બ્રહ્મના ભર્મમાં, સત્ય વસ્તુ નહિ સદ્ય જડશે,
હું અને તું પણ તજીશ નરસિંહતો, ગુરૂ તમે હર્ષથી પાર પડશે ૭

પદ ૧૧૫ મું—રાગ મલાર.

ફુલીરે આળસ મોડે આ જોને ઉભીરે આળસ મોડે; ટેક.
આછો સાળુ શીરપર ઓઢયો, રંગ ભર્યો છે ઘાડે ઘેડે. આ જોને. ૧
ચરણુમાં નેપુર ઝુમઝુમ બોલે, હિંડે છે વાંકે અંબોડે આ જોને ૨
સોનાની ઝારી સરસ રંગારિ, માંહિ નિર ગંગાજળ જોડે. આ જોને ૩
મહેતા નરસૈંયાને પાય પાયા, મારા વાલોજી આવ્યા છે હોડે. આ જોને ૪

પદ ૧૧૬ મું

મોહ્યા છે મુનિવર રાયર ગોરી તારે તાજુડે મોહ્યા છે મુનિવર રાયરે ટેક,
રૂપ સંકોચલ દીશે છે સુંદરી, આદ્ય ઈશ્વરી મોટી માયારે. ગોરી તારે. ૧
આર વેણુ તમે કયારે ગુંથાવી, સણુગટ વાલ્યા સુધારી;
આ કંસવો તમે સિવડાવ્યો, માંહે છે બ્રજ કોર નારિરે, ગોરી તારે. ૨
રૂમઝુમ રૂમઝુમ નેપુર વાજે, ઘુઘરિયો માંહ્ય ઘમકેરે,
હાર ગળામાં એર્ણીપર ઓપે, ગગનમાં વિજળી ચમકેરે; ગોરી તારે. ૩
નિલવટ આડ કેસરની કિધી, મૃદમદ ટિલડિ કરેલીરે,
આંખલડી તારી અતિ અણિયાળી, લીલામાં હીંડે લાલ ઘેલીરે ગોરી તારે. ૪
ચંચળ દ્રષ્ટે ચારે દિશ જોતી, ચિત ચોરવાનો છે ચાળોરે;
નહિ ગાળગો એ મહેતા નરસઇનો સ્વામિ,સુંદર વદન નિહાળોરે. ગોરી. ૫

પદ ૧૧૭ મું.

હરિ આવ્યા છે નારીને વેશરે, એને કોઇ જુવોરે;
મિન બગલા જેવું ધ્યાન ધરે છે, એને જોઈ દુખડાં ખુવોરે, એને કોઇ ૧
માત પિતા એના મનમાં વિમાસે, એ ઇહાં કયાંથી આવીરે,
અમૃત સરખું સહુકોને લાગે એતો જળની ઝારી કયાંથી લાવિરે, એને ૨
ભાઇ પોતાનો તતક્ષણ ઉઠયો, આવ્યો મંદિર જાણીરે;
રતનબાઇ ઘરમાં વ્યાકુળ ફરે છે, લ્યો પિયો મહેતાજી તમે પાણીરે. એને ૩
મુનીને પરમેશ્વર જાણી, સભા મધ્યે આણીરે
અંતરધ્યાન થયા અલબેલો, ત્યારે વાત સઘળી જાણીરે. એને ૪
જયજયકાર થયો જુગ બધે સહુને. હરખ વાધ્યો ઘણો હ્રદયેરે;
માનબાઇના સ્વામિની સંગે રમતાં, એના ચરણ કમળમાં રહીયેરે. એને ૫

જમુના નદીમાં કૃષ્ણ પડયા ત્યારે નાગણી કહે છે.

પદ ૧૧૮ મું—રાગ પ્રભાત,

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળ હત્યા લાગશે; જળકમળ.
કેહેરે બાળક તું મારગ ભુલીયો, કે તારા વેરીએ વળાવીયો;

નિશ્ચે તારો કાળજ ખુટયો, અહીયાં તે શીદ આવીયો. જળકમળ. ૨
નથી નાગણ હું મારગ ભુલ્યો, નથી મારા વેરીયે વરાવીયો;
મથુરા નગરીમાં જુગટુ રમતાં, નાગનુ શિશ હારિયો. જળકમળ.
રંગે રૂડો રૂપે પુરો, દિશતો કોડીલ કોડામણો.
તારી માતાએ કેટલા જનમ્યા, તેમાં તુ અળખામણો. જળકમળ. ૪
મારી માતાએ બેહુ જનમ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારૂ નામ કૃષ્ણ કહાનડો. જળકમળ
લાખ સવાનો મારો હાર આપુ, આપુરે તુજને દોરીયો;
એટલુ મારા નાગથી છાનુ, આપુ તુજને ચોરીયો જળકમળ. ૬
શું કરૂ નાગણ હાર તારો, શું કરૂ તારી દોરીયો;
શાને કાજે નાગણ તારે. કરવી ઘરમાં ચોરીયો. જળકમળ. ૭
ચરણ ચાંપી મુછ મરાડ નાગણે નાગ જગાડીયો;
ઉઠોને બળવંત કોઇ બારણે બાળક આવીયો. જળકમળ ૮
બેઉ બળીયા બાથે વળિયા, કૃષ્ણે કાળીનાગ નાથિયો
સહસ્ર ફેણે ફુંફવે જેમ, ગગન ગાજે હાથીયો જળકમળ. ૯
નાગણ શા વિલાપ કરે જે, નાગને બહુ દુખ આપશે;
મથુરાં નગરિમાં લઇ જશે, પછી નાગનુ શીશ કાપશે જળકમળ. ૧૦
બેઉ કરજોડીને વિનવે સ્વામી, મુકો આમામ કથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને, જળકમળ. ૧૧
થાળ ભરી શગમોતીયે, શ્રી કૃષ્ણનેરે વધાવિયો;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોવિયો, જળકમળ ૧૨

કૃષ્ણના મેળાપ વિષે.

પદ ૧૨૦ મુ

હળવે હળવે હળવે હરજી, મારે મંદીર આવ્યોરે;
મોટે મોટે મોટે મેંતો, મોતીડે વધાવ્યારે. હળવે હળવે. ૧
કીધુ કીધુ કીધુ મુજને. કાંઇક કામણ કીધુરે;
લીધુ લીધુ લીધુ મારૂ ચિતડુ ચોરી લીધુંરે હળવે હળવે. ૨
જાગી જાગી જાગી હુંતો, હરિમુખ જોઇ જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા ભવની ભાભટ ભાગીરે. હળવે હળવે. ૩
ફુલી ફુલી ફુલી ફુલી હુતો હરિમુખ જોઇ ફુલીરે;
ભુલી ભુલી ભુલી મારા ઘરનો ઘંધો ભુલીરે. હળવે હળવે. ૪
પામી પામી પામી હુંતો મહાપદવીને પામીરે;
મળિયો મળિયો મળિયો મહેતા, નરસઇયાનો સ્વામીરે. હળવે હળવે. ૫

ભકતોના માન રહેવા વિષે

પદ ૧૨૦ મું.

વાસ નહી જ્યાં વઇષ્ણવ કેરો, ત્યાં નવ વસીયે રાતડીયાં;
સ્વાસોશ્વાસે હરિ સમરણ ન કરેતો શ્વાસ ધમણકેરી ધારડીયાં. વાસ નહિ ૧
જીભલડી જપમાળા ન જપે તો, જીભલડી નહિ ખાસડીયાં.

જનમ તેનો નહી લેખામાં જે, ન કહેવાય હરી દાસડીયાં. વાસ નહી
મોહનજી માયા પાખો, અવર માયા જેમ ફાંસડીયાં;
ભણે નરસઇયો ભારે મારી, માવલડી દસ માંસડિયાં વાસ નહી ૩

ભક્તને તજવા વિષે.

પદ ૧૨૧ મું.

નારાયણનું નામીજ લેતાં, વારે તેને તજીયેરે;
મનશા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીયેરે. નારાયણનું. ૧
કુળને તજીયે કુટુંબને તજીયે માને બાપરે;
ભગની સુત દારાને તજીયે; જેમ તજે કચુકી ચાપરે નારાયણનું ૨
પ્રથમ પીતા પ્રલ્હાદે તજીયો, નવ તજીયું હરીનું નામરે;
ભરત સતરૂધને તજી જનેતા, નવ તજીયા શ્રી રામરે; નારાયણનું ૩
રૂષી પત્ની શ્રી હરીને કાજે, તજીયા નીજ ભરથારરે;
તેમાં તેનું કાંઇએ ન ગયું, પામી પદારથ ચારરે. નારાયણનું ૪
વ્રજ વનીતા વીઠલને કાજે, સરવ તજી વન ચાલીરે;
ભણે નરસઇયો વંદ્રાવનમાં માહાલીરે. નારાયણનું. ૫

પદ ૧૨૨ મું.

દુર પતીયાં ડાહ્યા આપે, શાણા થઇ સમજાવેરે;
પ્રેમ ભકતીમાં ભગ પડાવે, અજ્ઞાન આગળ લાવેરે. દુર પતીયાં. ૧
આપણા કુળમાં કોણે ન કીધુ, તે આપણે કેમ કરીયેરે;
વૈરાગી થઈ નાટક નાટીયે, તુલસી તીલક કેમ ધરીયેરે. દુર પતીયાં. ૨
જેવા તેવા હોય તે હરીગુણ ગાયરે, તે આપણે કેમ ગાઇયેરે
કૃષ્ણ નામની કથા થાય જ્યાં, ત્યાં આપણે નવ જાઇયેરે. દુર પતીયાં. ૩
આપ કલેશના કરોધના ભરીયા, સઘળાને સમજાવેરે;
જજમ કીંકરનો રજ પડશે, ત્યારે આડે કોઇ નહી આવેરે-દુર પતીયાં. ૪
કુળને તજશે તે હરીને ભજશે, સેહેજે સંસારનું મેણુરે;
ભણે નરસઇયો હરી તેને મળશે, બીજી વાતે વાહાશે વાહાણરે.દુરપતીયાં. ૫

ઇશ્વર જાણવાના ઉપદેશ વિષે.

પદ ૧૨૩ મું.

જુવાનીને દહાડેરે હરીને જાણ્યા નહીરે, મોહ્યું પરદારા સાથે મન;
કાંઇકને મોહ્યારે કામની કળામાંરે, કાંઇક એક જોડવા ધોયો ધન. જુવાનીને ૧
પચીસને પચાસરે પરપંચમાં ગયાંરે, દોહીલા આવ્યારે સાઠ વર્ષના દન;
સીતેરરે સુધીરે કાંઇ સમજ્યો નહીરે, પછે ચાલ્યો સાધન કરવા વન.જુવાનીને. ૨
આંખડીયે ન સુઝેરે ગળે બહુ નાસીકારે, બોલે તેતો સભળાય નહી કર્ણ
માયા તો ન મુકેરે તુટે નહી તૃષ્ણારે, ઓળખાય નહી અશરણે શરણ.જુવાં
હાથમાં લાકડી ચરણ ચાલે નહીરે, તુટીને શીથળ થયુ છે તન;
મુખમાંહીરે દંતેરે એકે દીસે નહીરે, તોય પાપી ઉદર માગે અનઃ જુવાનીના.
ભાગ્ય જેનું ભલુરે આ અવસરને ઓળખ્યોરે,તેતો પ્રાણી કહેવાયે હરીનાજન;
નરસઇયાનાસ્વામીનેરે સુખમાંસંભાળજોરે,જો હોય પેલા ભવનું પુન્ય.જુવાનીના,

[illegible] કરે છે.

[illegible]

દ્વારકાંના વાસીરે આજ[illegible], [illegible] રૂક્ષમણી કેરા કંથ;
દુષ્ટ દુર્જોધનરે લાગ્યો [illegible], [illegible] દ્વા. ૧
[illegible] સુતો [illegible], [illegible] ઉઠો મહારાજ;
લક્ષ્મીજી તળાસે પાવન તારાં [illegible]. [illegible] મેહેર કરે મહારાજ. દ્વા. ૨
મહારે નદીરે ગજ [illegible], [illegible] સહાય;
નરસીંહ રૂપેરે હીરણ્યકશ્યપુ હણ્યો, પરલ્હાદ ઉગારયો લાગ્યો પાય દ્વા. ૩
છપન કરોડરે જાદવ [illegible] જુનાં;
કાળીનાગ નાથ્યોરે જરાસંઘ [illegible], [illegible] વ્હાલા નાથ દ્વા ૪
વસમીવેળા [illegible] વાર [illegible], [illegible] તમે છત્રપતિ નીરધાર;
અસવારી કરજોરે [illegible], નરસઈયો વીનવે વારવાર. દ્વા. ૫

તાનસેન.

પદ ૧ લું રાગ પ્રભાત

ઉઠ પ્રભાત સમરલે તું શ્રી ગણપતિ દેવા, [illegible] સમરલે તું શ્રીગણેશ દેવાટેક.
માતા જીનકી પારવતી, પીતા શંકર દેવા;
નામ લેતાં વઘ્ન હરે, સફલ વાકી સેવા. ઉઠ પ્રભાત૦ ૧
એક દંત દયાવંત ચાર ભુજધારી;
મસ્તકે તો સી દુર [illegible] મુસકી અસવારી. ઉઠ પ્રભાત૦ ૨
સુઢનેકુ પાન ફુલ ખાનેકુ મેવા;
સકલ સૃષ્ટી તુમકુ રટે, શંકર મહાદેવા ઉઠ પ્રભાત૦ ૩
સંગ સુધ બુધ બે નારી. સમર નીત્ય કરે.
નામ તાકો નીત્ય લેજે, [illegible] વીઘ્ન હરે. ઉઠ પ્રભાત૦ ૪
કનક થાલા મુકત માલ, [illegible] વારી;
તાનસેન ગજાનન, ગાવતસુખકારી ઉઠ પ્રભાત૦ ૫

લાલભટ

શ્રી અંબાજી અને બહુચરા માતાજીની પ્રભાત સ્તુતી વીશે.

પદ ૧ લું. રાગ પ્રભાત

ઉઠોને અંબીકા સહાય કરો બહુચરા ભગતને કારણે આવો ધાઇ;
આદ્ય તું અંત્ય તું મધ્ય [illegible] તારણી ત્રીગુણ સુખદાઈ. ઉઠોને. ૧
જ્ઞાનમાં ધ્યાનમાં સર્વળે વ્યાપી રહી, તાહરા રૂપપર જાઉં વારી;
મહિમા અકળીત છો કોઈ કળે નહી, કીરતી ગાય છે દુનીયારે સારી. ઉઠોને. ૨
હું કયાં થકી વાત વખાણું ખરી જગતમાં શકતીને કોણ માપે;
[illegible] વગે કરી દુખ સરવે હરો, ભકતી સુખપાન સુજને તું પાને. ઉઠોને. ૪
કળીકેસ કાળમાં શકતી છે તું ખરી, ભક્તની વાર તે કોણ કરશે;
જગત જનીતા તમે; ઝાઝુ સુખ શું કહું, તુજવિના દુઃખ મારાં કોણ હરશે.
અવસર ચુકેથી અરથ કાંઇ નવ સરે, તાહરા ભક્તની લાજ જાશે;

માહરે તો આધારો એક તારો સાહી, નીલા ઉઠીને શુભ કોણ ગાવે ઉઠોને ૫
ગંધશું અસવારી કરી ગીરાલ દરમાં ગ..ી, ચોસઠ જોગણી સંગ લાવ્યો;
બેલી આજ ઉરમા ધરી, નીજનો ...રે વેગ આવો. ઉઠોને. ૬
. ભકતી લાલભટ દીસે... શાન નીત આવો;
વીશ્વાસ સંસારમાં તારજો, મીટાવો તાપ તનનાજ રાદે. ઉઠોને ૭

પદ ૨ જું.

ને આતમા અંગ આળસ તજી, ...ને ..ડીશ ચરણ જોને;
શું સુતો સેજમાં સુરજ ઉગીયો, દેવી દેખી દુઃખ ખોને. ઉઠને ૧
પ્રાણીયા પ્રાતુશકાળમાં નાહી ધોઇને લઇ રૂદ્રાક્ષ ધરને;
ગોખમાં ન્યાળીને ભગવતી ભાળીને પ્રેમશુ પાઠ પુજા તું કરને. ઉઠને ૨
દુધ દહી મધુ ઘ્રત લેઇને સરકાર, નીરમળ નીરથી અંગ ધોને;
કુમકુમચંદન પ્રેમશુ ચરચીને, પ્રણમીને માતાની સામુ જોને ઉઠને ૩
આરતી ઉતારીને પુષ્પ સમરપીને, ધુપને દીપ નીંદ કરને;
મન તણા કોડ પુરણ ધારો સહી, સાચે મન ફરી ધ્યાન ધરને ઉઠને ૪
જોશી જીવન સુત જીવને શીખવે, કામને ક્રોધ તું વેગે તજને,

સુરદાસ

શ્રી મહાદેવજી શ્રી બાળકૃષ્ણજીના દરશન કરવા આવ્યા તે સમયનું

પદ ૧ લું. રાગ પ્રભાત

જીભલડીરે તુને હરીગુણ ગાતાં આવડુ આળસ કયાંથીરે એ રાગ.
શીવ જોગી જશ ગાવોરે બાવા, મેં જોગી જશ ગાયોરે.
બ્રહ્મા ગાયો વીષ્ણુ ગાયો, ઓજલ પાર ન પાયોરે;
પરબ્રહ્મ કો મુખ દખનકું મેં, સકલ સૃષ્ટી ફીર આયોરે શીવ જોગી ૧
દેવકી જાયો ગોકુલ આયો, જશોમતી સુખ પાયોરે;
કઈલાસથી આવ્યારે દીગાંબર, આયકે અલક જગાયોરે. શીવ જોગી ૨
ભીક્ષા લેકર આઈ નંદરાણી, શંકર શીશ ધુનાયોરે;
નગનાદ બજકર ગહરે ભુવનમાં, આયકે અમર કહાયોરે. શીવ જોગી ૩
કયા કરું માયા તેરા પાટ પિતાંબર, કયા કરૂ કંચન માયારે;
તેરા બાલકકા મુખ દેખનકું, સો મેરા ગુરૂને બતાયારે. શીવ જોગી ૪
હાથ જોડકે ખડી નંદરાણી, સુનો જોગિયાં રે સાજોરે;
બાલકકો વદન દેખાંઉ દીગાંબર, બાલક જાત ડરાયોરે. શીવ જોગી ૫
જાકી દ્રષ્ટી સકલ સૃષ્ટીપર, સો કયુ જાત ડરાયોરે;
મેરે ઠાકુર અલક નિરંજન, સો કયું ભુવન છુપાયોરે. શીવ જોગી ૬
બાલકૃષ્ણ લે આઈ નંદરાની, શંકર શીશ નમાયોરે;
સેવા કરી ચરણામૃત લીનો, સૃંગી નાદ બજાયોરે. શીવ જોગી ૭
સફલ ફલો માઇ બાલક તેરો, દેખ શંકર સુખ પાયોરે.
સુર કહે બડો ભાગ્ય જસોદા, પુરણ પુન્યસે પાયોરે. શી-

(આશારામ)
રણછોડજીની સ્તુતિ વિષે.
પદ ૧ લું. રાગ પ્રભાત.

પ્રભાતના પહોરમાં દીઠા ઠાકોરમાં, ઠીક ઠાકોર શુ મન મોહ્યું,
રણછોડરાય છે ભક્ત જોવા જાય છે, ગોમતી ગંગમાં અંગ ધોયું. પ્રભા૦
ગોમતી ઘાટમાં મળ્યા વાટમાં, સેજમાં શામળે સામુ જોયું;
નરહરી નીરખીયા પ્રેમથી પરખીયા, પલક એકમાં પાપ ખોયું. પ્રભા૦
દહ્યવત દેખાડીયાં ચૌદ રત્ન કહાડીયાં. કામધેનુ કેરૂ દુધ દોયું;
વેદની વાતમાં સમુદ્ર સાથમાં, નાગને નેતરે નિર વલોવ્યું. પ્રભાત. ૩
બોડાણાજી લાવીયા ડંકપુર ભાવીયા, સર્વના મનમાં શુભ શોયુ;
સ્વામી આશારામના નવે ખડે નામના, શામલે ચીતમાં ચીત પ્રોયું. પ્ર ૪

રામકલી.

આજ આનંદના ઓઘ થયા, રાય રણછોડજી નજરે નીરખ્યા;
પુરવ પુણ્યના ઉદય થયા. દરશને દેવને પીત્રી હરખ્યા. આજ ૧
ગોમતી સાગર પતીત જન પાવન તે તણી લેહેરમાં રેણુ ધુવે;
વેલમાં શેઠ બેઠા શુરીનરતણા. ભેટવા ભક્ત જન વાટ જુવે આજ ૨
સકલ તીરથ હરી ચરણ કમળ વીષે, છેજી હરજી અતી શામ વરણું;
રામ કૃષ્ણ રંકને પ્રભુ કેરો આશરો. પંથ છે દુર પણ ચીત ચરણું આજ ૩

છોટમ.

ખેડા જીલ્લાના મલાતજ ગામના વાસી પરમપવીત્ર ભક્ત.
પ્રભાત રાગનાં કીર્તન.
કીર્તન ૧ લું.

જાગ્ય જીવ અજ્ઞાન આળસ તજી, જગત કરતાને લેને જાણી;
નરદેહ નીરખીયો નીતી સંભાળવા, આચરે અનીતી તે અધમ પ્રાણી જાગ્યરે
વીશ્વકર્તા તણું દીસે ડહાપણ ઘણુ, સુખકર સરજીયો સુરજ જેણે;
તેજ ફેલે અતી વાયુ છાદનવતી, આંખ્ય સહુ દેખતી થાય એણે જાગ્યરે ૨
ધન્ય દયાળને ધરણી કેવી રચી, સીદ્ધ પદારથ સુકની સારી;
વીવીધ પ્રકાર વનમાંહી વનસ્પતી, અખીલ છે અમીત આનદકારી.જાગ્યરે ૩
પોષવા સરવને નીર પેદા કરયું, વ્યોગમહી રચી મેઘમાળા;
ચંદ્ર આકર્ષણે સીંધુ ભરતી ચડે, જાય એ જુકતીથી વહાણવાળા. જાગ્યનરે ૪
જોતીશ ચક્ર તું જોને આકાશમાં, દીસતા દીવ્ય અનંત તારા;
એજ ઉપયોગી છે સંસારને, ધન્ય હે સૃષ્ટી સરજનાર મારા. જાગ્યનેરે ૫
તાહારો દેહ તું જોને કેવો કરયો, અદભુતતા ઘણી છેજ એમાં;
સરવ વીષયો તણુ જ્ઞાન બહુજ થાય છે, તત્વ મોટું કરયું ચીત તેમાં. જા ૬
બુદ્ધીયે નીશ્ચય થાય બહુ વાતના, એ થકી અધીક ઉદયોગ સુજે;
એજ સરજનારને મુઢ સમરે નહી, મંદમતી મલીન પાખંડ પુજે. જાગ્યરે ૭
"ારતું જ્ઞાન સોહામણુ, સરવને સમજવા યોગ્ય સારૂં;
ઘ સંસારથી ચઉરે, વચન સવીચારથી માને માને મારૂ. જાગ્યરે ૮

સમાપ્ત.

વેચાતાં પુસ્તકોની યાદી.

ભજન કીર્તન. કિં. રૂ. આ. પૈ.

છોટમકૃતકીર્તનમાળા ભાગ ૧-૨ મળી ૦—૬—૦
બાળગરબાના પદસંગ્રહ ... ... ૦—૮—૦
ઉપદેશ ચિંતામણી... ... ... ૦—૬—૦
ઔષધિચિંતામણી ...(કવિરાજ કૃત) ૦—૫—૦
ભજન ભંડાર ... ... ૦—૧૦—૦
પદસંગ્રહ પ્રભાકર ... ... ૧—૦—૦
ઓધવજીના પદસંગ્રહ... ... .. ૦—૮—૦
ભક્તિ વિજય (સદ્ગુરૂ ભક્તિદાસ કૃત) ૦—૪—૦
ખયાલ ગુલજાર ... ... ૦—૧૨—૦
શિવસાર સંગ્રહ (શિવભક્તો માટે) ૦—૮—૦
ઈશ્વર પ્રાર્થનામાળા ભાગ ૧ લો ૦—૮—૦
,, ભાગ ૨ જો. ૦—૧૨—૦
કબીરલીલામૃત કબીરસાહેબના ૧૦ ગ્રંથ ૦—૧૨—૦
ભજનરત્નાવળી બડી હીંદુસ્તાની ભાષા ૧—૮—૦
વલ્લભ પદમાળા .. .. ૦—૧૨—૦

ગરબા દેવી ભક્તો માટે.

ભક્તિ કાવ્ય તથા બાળીકા કાવ્ય ૦—૧૦—૦
ગરબા .. .. ૦—૨—૦
ગરબાવળી (બણભાગ) ૦—૮—૦
ગરબાવળી ... ૦—૧—૦
[illegible] (કવી દલપતરામ કૃત) ૦—૧—૦

[illegible] પુસ્તકો

[illegible] કૃત કવિતા સંગ્રહ મ્હોટું ૨—૦—૦
,, નાનું ૦—૬—૦
[illegible]કૃત કાવ્ય ભાગ ૧ લો ... ૦—૬—૦
,, ભાગ ૨ જો ... ૦—૧૦—૦
દલપતકાવ્ય ભાગ ૧-૨ મળી સંપુર્ણ ૩—૦—૦
કાવ્ય સુધા (રણછોડ ગણુરામ કૃત) ૧—૨—૦
કાવ્ય સરીતા ... . ૧—૮—૦
[illegible] પાઠ.. . ... ૦—૩—૦
[illegible] વાદ .. ... ૦—૧—૦
[illegible] ... ... ૦—૧—૦

કાવ્યકલાધર ... ... ૧—

કથાના રાગ રાગણીમાં

કૃષ્ણચરિત્ર (ગીરધરકૃત) ગોકુળ
મથુરાલીલા, દ્વારીકાલીલા
ગીરધર કૃત રામાયણ મ્હોટું
ગીરધર કૃત વચલુ રામાયણ
મહાભારત (વલ્લભરામ સુરજરામ
,, (દુર્ગાશંકર કૃત)
,, (જગજીવન આશારામ કૃત)
શિવપુરાણ (દુર્ગાશંકર કૃત) ... ૧—૮—
જાલંધર આખ્યાન (રેવાશંકર કૃત) ૦—૧૨—૦
પ્રહલાદ આખ્યાન (પ્રેમાનંદ કૃત) ૦—૪—૦
[illegible] પ્રાકૃત (શિવરામ કૃત) ૦—૮—૦
રામાયણના ચંદ્રાવળા (સુખલક્ષ્મિરામકૃત) ૧—૦—૦
પાંડવવાળા [illegible] .. ૧—૦—૦
નળાખ્યાન (પ્રેમાનંદ કૃત) . ૦—૪—૦
[illegible] . ૧—૦—૦

વૈષ્ણવ ઉપયોગી.

[illegible] . [illegible]
ચોરાશી વૈષ્ણવની વાર્તા . [illegible]
[illegible] . . ૦—૪—૦
વૈષ્ણવના નિત્ય નિયમ .. [illegible]
નિત્ય નિયમ[illegible] કીર્તન ૧—૦—૦
[illegible]આખ્યાન . ... ૦—૨—૦
[illegible] .. ૦—૧—૦
વૈષ્ણવનાનિત્યનિયમના ૩૨ [illegible] ૦—૧—૦

પુસ્તકો વેલ્યુપેબલથી મોકલવામાં આવશે. ઉપલા પુસ્તકો ઉપરાંત જ્ઞાનઉપયોગી બીજા પુસ્તકો નોવેલો, પદ્યવાર્તા તેમજ વૈદક જ્યોતિષ સંબંધી, મુસલમાની કીસ્સા, વિગેરે સંસ્કૃત ગુજરાતી અને હિંદુસ્તાની પુસ્તકોનું સુચીપત્ર [illegible] અર્ધા આનાની પોષ્ટની ટીકીટ મોકલવાથી [illegible] મોકલવામાં આવશે.

મળવાનું ઠેકાણું.

મહાદેવ રામચંદ્ર જાગુસ્ટે બુકસેલર.

[illegible] દરવાજે—અમદાવાદ.